**આજનો સુવિચાર**

જગતને જોવા માટે આંખ હોવી અનિવાર્ય છે, પણ શું જોવું અને શું નહી જોવું તેના માટે જ્ઞાન જરૂરી છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૬૪ જૂનાગઢ તા.૨૫-૧૦-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 264, Junagadh : Date : 25 October, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# એક રૂપિયો ખર્ચ કર્યા વગર દેશની કોઈપણ હોસ્પીટલમાં સારવાર થઈ શકશે



નવી દિલ્હી, તા.૨૫: ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયા આરોગ્ય વીમા પોલિસીમાં બે નવી સુવિધાઓ રજૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. તે દેશભરની કોઈપણ આરોગ્ય વીમા અથવા સામાન્ય વીમા કંપની દ્વારા જારી કરવામાં આવતી તમામ આરોગ્ય પોલિસીઓ માટે હોસ્પીટલોનું નેટવર્ક અને ૧૦૦ ટકા કેશલેસ સેટલમેન્ટ સિસ્ટમ છે. આ સુવિધાઓ લાગૂ થવાની સાથે પોલિસીધારક દેશના કોઈપણ ભાગમાં સ્થિત હોસ્પીટલમાં ૧૦૦ ટકા કેશલેસ સારવારની સુવિધા મેળવી શકશે.

હાલમાં ભારતમાં ૪૯ ટકા હોસ્પીટલોમાં કેશલેસ સેટલમેન્ટની સુવિધા છે. વધારે મોંઘા તબીબી બીલો ટાળવા માટે જનરલ અને હેલ્થ ઈન્સોરન્સ કંપનીઓ લિસ્ટેડ હોસ્પીટલોની સૂચીમાં બદલાવ કરતા રહે છે. તેનાથી બચવા માટે વીમા નિયામક આરોગ્ય વીમા ક્લેઈમની સેટલમેન્ટ પ્રક્રિયાને સરળ બનાવવા માટે રાષ્ટ્રીય સ્તરના જનરલ કેશલેસ હોસ્પીટલ નેટવર્કને લાવવા માટે જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સીલ સાથે મળીને કામ કરી રહ્યું છે. જૂનો જનરલ ઈન્શ્યોરન્સના એમડી અને સીઈઓ શનાઈ ઘોષનું કહેવું છે કે, પ્રથમ તબક્કામાં વીમા કંપનીઓમાં હોસ્પીટલોની કોન્સોલિડેટેડ લિસ્ટ બનાવવામાં આવી રહી છે. જીઆઈસી મારફતે એક સેન્ટ્રલાઈઝ્ડ નેટવર્ક બનાવવામાં આવશે જે હોસ્પીટલો અને તમામ લાઈસન્સ પ્રાપ્ત હેલ્થ અને જનરલ વીમા કંપનીઓ સાથે ઈન્ડસ્ટ્રી સ્તરનો કરાર હશે. જીઆઈ કાઉન્સીસલના સભ્યો આ કરારનો ભાગ બનશે. શનાઈ ઘોષનું કહેવું છે કે, એક વખત સંપૂર્ણ પણે અમલમાં આવ્યા બાદ દરેક વીમા કંપનીના ગ્રાહકને એક જ સેન્ટ્રલાઈઝ્ડ નેટવર્કની સુવિધા મળી જશે. જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સીલે હોસ્પીટલોની સામાન્ય પેનલની રચના કરવા માટે પહેલેથી જ એક સમિતિની રચના કરી છે.


## ઉત્તરાખંડમાં કાર ખાઈમાં પડતા ૬ શ્રધ્ધાળુઓનાં મોત

પિથોરાગઢ તા. ૨૫

ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લાના ધારચુલા-લિપુલેખ રોડ પર લખનપુર નજીક પાંગલામાં ટેકસીમાં સવાર તમામ ૬ શ્રદ્ધાળુઓ કાલી નદીમાં પડી ગયા હતા. પિથૌરાગઢના પોલીસ અધિક્ષક લોકેશ્વર સિંહે જણાવ્યું હતું કે આ અકસ્માત ગત મોડી સાંજે થયો હતો જ્યારે શ્રદ્ધાળુઓ આદિ કૈલાશના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. તેમણે કહ્યું કે અંધકાર અને પ્રતિકૂળ ભૌગોલિક પરિસ્થિતિને કારણે હજુ સુધી મૃતદેહોને બહાર કાઢવાનું કામ શરૂ થયું નથી. તેમણે કહ્યું કે આજે સવારથી શોધ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.

# હૃદયરોગથી મૃત્યુનું પ્રમાણ વધતા સરકારનાં ધબકારા વધ્યા : ડોકટરો સાથે બેઠક યોજી

## એક સપ્તાહમાં ૨૨ લોકોનાં હૃદયરોગથી મૃત્યુ નિપજયા : કારણો શોધવા આદેશ : ૧૦૮ને ૭૫૦ કોલ આવ્યા



ગાંધીનગર તા. ૨૫

ગુજરાતમાં નવરાત્રિના ગરબા દરમિયાન અને તે પૂર્વે પણ યુવા વયના નાગરિકોને હરતાં ફરતાં આવી જતા હૃદયરોગના હુમલાને કારણે થઈ રહેલા અચાનક મૃત્યુના કિસ્સા બાબતે ભૂતપૂર્વ મુખ્યમંત્રી તથા ઉત્તરપ્રદેશનાં રાજયપાલ આનંદીબેન પટેલે ટકોર કરતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સફાળા જાગ્યા છે. તેમણે ટોચના હૃદય નિષ્ણાતો અને યુએન મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના ડોકટરો સાથે બેઠક યોજી હતી અને તેમને સંબંધિત ડેટા એકત્રિત કરવા અને આ મૃત્યુનું ચોક્કસ કારણ શોધવા માટે સંશોધન કરવા નિર્દેશો આપ્યા હતા.

હૃદયરોગના તજજ્ઞો સાથે મંત્રીએ આ મુદ્દો છેડીને તેની વિગતો મેળવવા માટે જણાવ્યું હતું. આનંદીબેન પટેલે આવાં હુમલા માટે કોવિડ-૧૯ કે રસી જવાબદાર હોય છે તે બાબતને કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા કરવામાં આવેલા સંશોધનને ટાંકીને ફગાવી દીધી હતી. આ જ અંગે રાજયના આરોગ્ય મંત્રીએ પણ નિષ્ણાતો સાથેની ચર્ચામાં પૃચ્છા કરી હતી, તેના સંદર્ભે તબીબોએ પણ જણાવ્યું હતું કે આવાં હુમલા આધુનિક જીવનશૈલી અને તેમાં કેટલાંક ફેરફારને કારણે થાય છે, પરંતુ તેમાં કોવિડ સીધી કે આડકતરી રીતે અસરકારક નથી. નવરાત્રીના તહેવારો શરૂ થાય તે પહેલાં, રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે, એક પરિપત્ર દ્વારા, ગરબા ઈવેન્ટના આયોજકો માટે સ્થળ પર એમ્બ્યુલન્સ અને તબીબી ટીમ તૈનાત કરવાનું ફરજિયાત બનાવ્યું હતું જેથી ખેલૈયાઓને આવી સમસ્યા થાય તો ત્વરિત સારવાર આપી શકાય. આરોગ્ય મંત્રી સાથેની ચર્ચામાં તબીબોએ કહ્યું કે એવું નથી કે યુવાવયના લોકોને ત્વરિત હાર્ટ એટેક આવી રહ્યા છે કે કોવિડના સમયગાળા બાદ તે વધ્યું છે. કોવિડના સમય પહેલા પણ આવાં હુમલા આવતા હતાં, પરંતુ તેની નોંધ ઓછી લેવાતી હતી અન્યથા તે વખતે કોવિડ નહીં હોવાથી તેની સાથે સાંકળી લેવામાં આવતું ન હતું. કિશોરાવસ્થામાં થતી આવી ઘટના માટે ઓછી શારિરીક કસરત અને ખૂબ ચરબીયુક્ત ખોરાક કે જંક ફૂડ એક મુખ્ય કારણ છે. ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહમાં હૃદયરોગથી ૨૨ વ્યકિતનાં મૃત્યુ નીપજયા છે જેમાંથી મોટાભાગનાં યુવાનો છે. સરકારે તે અંગેનાં કારણો શોધવા આદેશ આપયો છે. ૧૦૮ ઈમરજન્સી સેવાને હૃદયરોગથી હુમલા અંગેનાં ૭૫૦ કોલ આવ્યા છે.

## કેનેડામાં ગોળીબારની ઘટના ૩ બાળકો સહિત પાંચનાં મોત

ટોરન્ટો તા. ૨૫

કેનેડામાં ફરી એકવાર ગોળીબારની ઘટના બની છે જેમાં ત્રણ બાળકો સહિત પાંચ લોકોના મોત થયા છે. સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર આ ઘટના સોમવારે રાત્રે બની છે. પોલીસ હાલ આ ઘટનાની તપાસ કરી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર રાત્રે ૧૦.૨૦ વાગ્યે ગોળીબારની ઘટનાની જાણ થઈ હતી, પોલીસને ઘટના અંગે જાણ થતા જ ઘટનાસ્થળે પહોંચી હતી, જ્યાં તેમને પહેલા ૪૧ વર્ષીય યુવક મૃત હાલતમાં મળી આવ્યો હતો ત્યારબાદ ૬ વર્ષના અને ૧૨ વર્ષના બાળકોના મૃતદેહ પણ મળ્યા હતા. આ સિવાય પોલીસને ૪૫ વર્ષિય વ્યક્તિ પણ ગોળીબારમાં ઘાયલ થયેલો જોવા મળ્યો હતો. આ ઘટના કેનેડાના ઉત્તરી ઓન્ટોરિયો શહેરમાં ફાયરિંગની ઘટના બની હતી.

# સીરીયાનાં મીલીટ્રી બેઝ પર ઈઝરાયલે હુમલો કર્યો : ગાઝામાં ગ્રાઉન્ડ ઓપરેશન માટે તૈયાર

તેલઅવીવ તા. ૨૫

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો આજે ૧૯મો દિવસ છે. ઈઝરાયલ સેનાએ ગતરાત્રે સીરિયાના સૈન્ય મથક પર હુમલો કર્યો હતો. IDFએ કહ્યું છે કે ગોલાન હાઈટ્સમાં ઈઝરાયલી સમુદાય પર સીરિયા તરફથી રોકેટ છોડવામાં આવ્યાં હતાં, જેના પછી ઈઝરાયલએ આ કાર્યવાહી કરી હતી. બીજી તરફ યુએને ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં યુદ્ધવિરામની માંગ કરી છે. યુએન ચીફ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું- આ યુદ્ધમાં પેલેસ્ટિનિયનો જે સહન કરી રહ્યા છે તે છતાં હમાસના હુમલાને યોગ્ય ઠેરવી શકાય નહીં. એ જ રીતે, હમાસના હુમલા માટે તમામ પેલેસ્ટાઈનીઓને સજા કરવી તે યોગ્ય નથી. ગુટેરેસના આ નિવેદન બાદ ઈઝરાયલના પ્રતિનિધિએ તેમના રાજીનામાની માંગ કરી હતી. અમેરિકાએ એમ પણ કહ્યું કે તે હજુ સુધી યુદ્ધવિરામના સમર્થનમાં નથી કારણ કે તેનાથી હમાસને જ ફાયદો થશે.

અલ જઝીરાના જણાવ્યા અનુસાર, ઈઝરાયલે મંગળવારે ગાઝાના ખાન યુનિસમાં રેડ ક્રેસન્ટ હેડકવાર્ટર અને અલ-અમલ હોસ્પિટલ પર હવાઈ હુમલા કર્યા હતા. લગભગ ૪ હજાર પેલેસ્ટિનિયનોએ અહીં આશ્રય લીધો છે. જો કે આ હુમલામાં કેટલા લોકો માર્યા ગયા તેની માહિતી સામે આવી નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કહ્યું છે કે ફ્યૂઅલના અભાવે ગાઝાની ૬ હોસ્પિટલો બંધ કરવી પડી હતી. તેમાંથી એક હજાર લોકો ડાયાલિસિસ પર છે, જ્યારે ૧૩૦ પ્રિમેચ્યોર બાળકો છે. જો પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો આઈસીયુમાં અન્ય હોસ્પિટલોમાં દર્દીઓને જીવ ગુમાવવો પડી શકે છે.

### યુનોની સલામતી સમિતિની બેઠકમાં

# પાકિસ્તાને કાશ્મીરને ગાઝા ગણાવવાનો પ્રયાસ કર્યો - ભારતે જડબાતોડ જવાબ આપ્યો

નવી દિલ્હી તા.૨૫ : સંયુકત રાષ્ટ્રની સુરક્ષા પરિષદની બેઠકમાં પાકિસ્તાને ફરી લખણ ઝળકાવ્યા હતા. ઈઝરાયેલ પેલેસ્ટાઈન યુદ્ધની ચર્ચા વચ્ચે કાશ્મીર રાગ શરૂ કરતાં ભારત તરફથી જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો, ગમે ત્યાં અને ગમે ત્યારે કાશ્મીર મુદ્દો ઉભો કરવાની જુની આદત હોવાનું દર્શાવીને પાકને ફટકાર લગાવવામાં આવી હતી.

યુનોની સુરક્ષા બેઠકમાં પાકિસ્તાને કાશમીર મુદ્દો ઉપસ્થિત કરતાની સાથે જ ભારતીય પ્રતિનિધિઓ અરીસો દેખાડી દીધો હતો. પાકિસ્તાન દ્વારા એવી ટીપ્પણી કરવામાં આવી હતી કે જે રીતે ઈઝરાયેલ પેલેસ્ટાઈનનાં લોકોની સ્વતંત્રતા દબાવી રહ્યું છે તેવી જ રીતે ભારત પણ કાશ્મીરમાં કાશ્મીરીઓનો અવાજ સાંભળવાનો ઈન્કાર કરી રહ્યું છે. પાકની આ ટીપ્પણીનો ભારતે વળતો આકરો જવાબ આપતા એમ કહયું કે ઈઝરાયેલ પેલેસ્ટાઈન વિવાદનો શાંતિપૂર્ણ અને કાયમી ઉકેલ આવે તેવુ ભારત ઈચ્છે છે. પાકની ટીપ્પણી પર પ્રહાર કરતાં કહ્યું કે તેમની જુની આદત છે.ભારતનાં અવિભાજય અંગ સમાન ભાગનો તેના દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પ્રકારની ટીપ્પણી તિરસ્કારરૂપ છે અને તેનો,કોઈ જવાબ આપવાની જરૂર નથી.

## દશેરાના દિવસે ગુજરાતમાં ૪૦૦ કિલો સોનાનું વેચાણ થયું

અમદાવાદ તા.૨૫ : દશેરાનાં પવિત્ર દિવસો ગુજરાતમાં ૪૦૦ કિલો સોનાનું વેચાણ થયુ હતું. જોકે, ઉંચા ભાવને કારણે કારોબારને ફટકો હતો અને ગત વર્ષ કરતાં ૨૦ ટકા ઓછુ વેચાણ થયાનું જણાવાય છે. ઈન્ડીયા બુલીયન એન્ડ જવેલર્સ એસોસીએશનના અંદાજ પ્રમાણે ગઈકાલે દશેરાના શુભ દિવસે સામાન્ય દિવસો કરતા સોના-ચાંદીનુ વધુ વેચાણ થયુ હોવા છતાં ઉંચા ભાવને કારણે અમુક અંશે કારોબારને ફટકો પડયો હોવાનું માલુમ પડયુ હતું. સમગ્ર ગુજરાતમાં ૪૦૦ કિલો સોનાનું વેચાણ થયુ હતું. જે ગત વર્ષે ૫૦૦ કિલોનું હતું.

# પેલેસ્ટાઈનને માનવતાનાં ધોરણે સહાય ચાલુ રાખવાની ભારતની સ્પષ્ટ જાહેરાત

ન્યુયોર્ક તા.૨૫ : સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના ઉપસ્થાયી પ્રતિનિધિ (ડીપીઆર) રાજદૂત આર.રવિન્દ્રે ઈઝરાયેલ-હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન ગાઝા પટ્ટીમાં નાગરિકોને માનવીય સહાયતા મોકલવાના નવી દિલ્હીના પ્રયાસોને રેખાંકીત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અમે ફિલીસ્તીનીઓને માનવીય સહાયતા મોકલવાનું ચાલુ રાખશું, તેમણે જણાવ્યું હતું કે ગાઝામાં ભારતે ૩૮ ટન ભોજન અને મહત્વના તબીબી સાધનો મોકલ્યા છે.સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પેલેસ્ટાઈનનાં પ્રશ્ન સહિત મધ્ય પુર્વની સ્થિતિ પર ખુલ્લી ચર્ચામાં ભાગ લેતા ભારતનું પ્રતિનિધિત્વ કરતા રવિન્દ્રે ભારતનો પક્ષ રાખ્યો હતો. તેમણે પશ્ચીમ એશિયામાં શત્રુતાના નવીનતમ અધ્યાય પર ખુલતી ચર્ચા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને અભિનંદન આપતા જણાવ્યું હતું કે ભારત બગડતી સુરક્ષા સ્થિતિ અને ચાલી રહેલ સંઘર્ષમાં નાગરિકોને મોટા પ્રમાણમાં નુકસાનને લઈને ચિંતીત છે. યુદ્ધમાં ભારતે ઈઝરાયેલનું સમર્થન કર્યું હોવા છતાં પેલેસ્ટાઈન સંબંધીત નીતિમાં કોઈ બદલાવ નથી અને માનવતાના ધોરણે ભારત દ્વારા મદદ ચાલુ જ રાખવાનું સ્પષ્ટ કરવામાં આવ્યું છે.




**મહાયોગી વિરેચન ચૂર્ણ**

દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો

કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુ:ખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી


પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે

માર્કેટેડ બાય : **સાગર માર્કેટીંગ**

શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ

ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય

મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫



**ખોડલધામ ટુર**

સ્લીપર બસ દ્વારા

તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે | દિવસ-૪૦

જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે

એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો

વહેલા તે પહેલાનાં ધોરણે

: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

**ઓમ કેરીયર એકેડેમી**

તમામ સરકારી ભરતી માટેના માર્ગદર્શન વર્ગો

**GPSC, PSI, તલાટી, સચિવાલય**

સેમીનાર તા. ૦૧-૧૧-૨૦૨૩
સમય : સવારનાં ૧૦ થી ૧.૦૦

રજીસ્ટ્રેશન માટે નામ નોંધાવવું જરૂરી છે

સ્થળ : કનેરીયા શોપીંગ સેન્ટર, મોતીબાગ સામે, જૂનાગઢ. મો. ૯૯૨૫૫ ૦૦૩૬૬

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪


બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

**NIT® ટેકનીકલ કોલેજ**

સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેકટીકલ
- સરળ ભાષામાં શિક્ષણ
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેન્ડથી નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ

⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપ્સ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

- હરક્યુલિસ સાયકલ
- હીરો સાયકલ
- બીએસએ સાયકલ
- વિકટર ૯૧ સાયકલ
- હિલી સાયકલ
- કોરાડો સાયકલ
- બ્રિટીશ ઈગલ સાયકલ
- ફન રાઈડ ટ્રાસીકલ
- દાસ સાયકલ


તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

**ગેલેક્સી**
ઓટો એન્ડ સાયકલ એજન્સી

માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

# જૂનાગઢના ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા આસ્થાભેર નવરાત્રી ઉત્સવની થયેલી ભાવભેર ઉજવણી





## વિવિધ ક્ષેત્રના અગ્રણી મહાનુભાવો, ઉચ્ચ અધિકારીઓએ પણ લીધી શુભેચ્છા મુલાકાત : આરતીનો લીધો લાભ

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ શહેરમાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉમંગ, ઉત્સાહ અને આસ્થાભેર સફળ રીતે ઉજવણી કરવામાં આવી છે. શક્તિની આરાધનાના પર્વ નવરાત્રી દરમ્યાન માતાજીની સ્તુતી, આરતી, આરાધના અને બાળાઓના સુંદર મજાના રાસ ગરબા નિહાળવા લોકો ઉમટી પડતા હતા. આયોજકો દ્વારા સુંદર મજાનું આયોજન કરવામાં આવેલ હોય વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, મહાનુભાવો તેમજ પદાધિકારીઓ પણ આ ગરબીની મુલાકાત લેતા હતા અને માતાજીના દર્શન તેમજ આરતીનો લહાવો પણ લેતા હતા. ઉચ્ચ પદાધિકારીઓની શુભેચ્છા મુલાકાત સાથે આ ગરબી મંડળની તાજેતરમાં જૂનાગઢના ડીવાયએસપી હિતેષ ધાંધલીયાએ મુલાકાત લેતા તેઓનું ભાવભર્યુ સન્માન કરવામાં આવેલ હતું તેમજ સી ડીવીઝન પોલીસ સ્ટશેનના પીએસઆઈ વી.કે.ઉંજીયા સહિતના અધિકારીઓએ મુલાકાત લીધી હતી. અને દર્શન અને આરતીનો લ્હાવો લીધો હતો. ઉપરાંત જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ પણ ગાંધીગ્રામ ગરબી મંડળની શુભેચ્છા મુલાકાત લઈ દર્શનનો લ્હાવો લીધો હતો.

અત્રે નોંધનીય છે કે, જૂનાગઢ શહેરનાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલી ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી છે. આ ગરબી છેલ્લા ૬૫ વર્ષથી કરવામાં આવે છે. લોક સાહિત્યકાર ભીખુદાનભાઈ ગઢવી તેમજ જગદીશભાઈ વસાવડા અને ડાયાભાઈ દરજી તેમજ રાજયગુરૂએ ગરબીનું સ્થાપન કરેલ છે. આ ગરબીમાં ૩૦૦થી ૩૧૫ જેટલી બાળાઓ રાસ રમે છે. અને બાળાઓ પાસેથી ટોકન ફી એક રૂપિયો લેવામાં આવે છે. તેમજ બહારનાં વિસ્તારની બાળાઓ પાસેથી રૂા. ૧૦૧ ફાળા પેટે લેવામાં આવે છે. આ ગરબી મંડળનું સંચાલન ૨૦૦૦ની સાલથી ગાંધીગ્રામ ગરબી મંડળ સંભાળી રહેલ છે. સર્વશ્રી વીરાભાઈ મોરી, મહેશભાઈ દવે, નાથાભાઈ આહીર, ડાયાભાઈ મોરી, કેતનભાઈ બામરોટીયા, મેહુલભાઈ કોઠારી, મનસુખભાઈ હડીયલ, ભાવેશભાઈ મોરી, શાહરૂખભાઈ મકવાણા, મેણસીભાઈ વાજા, મજીદભાઈ ચૌહાણ, પ્રફુલભાઈ શાહ, નવનીતભાઈ માંડલીયા, મીતભાઈ કોડીયાતર, યુવા કાર્યકર્તાઓ યશભાઈ જોટાણીયા, ક્રીસભાઈ ચૌહાણ, યશરાજભાઈ ગઢવી વગેરે સેવા આપે છે. જયારે કાર્યકર્તા બહેનોમાં કુસુમબેન મહેતા, બંસીબેન નંદાણીયા, કોમલબેન બામરોટીયા, શીતલબેન મોરી, પુરીબેન કરમટા, હીનાબેન કરમટા, સોનલબેન માળી, વૃંદાબેન ત્રિવેદી વગેરે સેવા આપે છે. જયારે કલાકારો તરીકે મુકેશભાઈ બારોટ, દિવાબેન લાંબા, આયુષભાઈ ડાભી અને ઓરકેસ્ટ્રામાં ભીખુભાઈ ઢોલી, માઈક નિલેશભાઈ મિસ્ત્રી, મંડપ સર્વિસ, ખીમભાઈ સોમાઈ મંડપ સર્વિસ વગેરે દ્વારા સેવા આપવામાં આવી હતી. ગાંધીગ્રામ વિસ્તારના રહેવાસીઓના સાથ સહકાર અને ગાંધીગ્રામ ગરબી મંડળના કાર્યકર્તાઓની ભારે જહેમતને લીધે ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ભક્તિભાવપુર્વક ઉજવણી કરવામાં આવી છે.

# સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ સંસ્થાની એસપી હર્ષદ મહેતાએ મુલાકાત લીધી



(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૨૫

સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ જૂનાગઢ ખાતે જૂનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી હર્ષદ મહેતા,નાયબ પોલીસ અધિક્ષકો તથા અન્ય તેમના પોલીસ સ્ટાફ સાથે સંસ્થાની દિવ્યાંગ દિકરીઓ વચ્ચે ખૂબ સરળતા, સહજતાથી પુરી સદભાવના, પ્રેમ થી વ્હાલ કરતા દિકરીઓને ગરબે રમાડી, દશેરા પર્વની શાનદાર ઉજવણી માટે સ્વહસ્તે સરસ મજાની મીઠાઈ સાથે નાસ્તો કરાવ્યો હતો. તેમજ સંસ્થાની મુલાકાત લીધી હતી.

આ તકે સંચાલક નિલમબેન પરમાર, રેખાબેન પરમાર દ્વારા ખુબ ખુશી વ્યકત કરતા આભાર માન્યો, તથા એસ.પી. દ્વારા દિવ્યાંગ દિકરીઓને ઉપરકોટ દર્શન કરવાની વ્યવસ્થા કરવામાં આવશે તેમ તેઓએ જણાવ્યું હતું.

# સર્કીટ હાઉસ ખાતે ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરની બેઠક મળી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

"મારી માટી, મારો દેશ" અભિયાન કાર્યક્રમ અંતર્ગતની ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર દ્વારા સર્કિટ હાઉસ ખાતે શહેર ભાજપ પ્રમુખ પુનીતભાઈ શર્માનાં અધ્યક્ષસ્થાને મહામંત્રી ભરતભાઈ શિંગાળા, મનનભાઈ અભાણી, વિનુભાઈ ચાંદગેરા, જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખ ભરતભાઈ ગાજીપરા, લોકસભાના સહપ્રભારી ચંદ્રેશભાઈ હેરમા, સ્ટેડીંગ ચેરમેન હરેશભાઈ પરસાણા, શાસકપક્ષ નેતા કીરીટભાઈ ભીંભા, સંગઠન હોદેદારો, કોર્પોરેટરઓ, મંડલ પ્રમુખ, મહામંત્રી, વિવિધ મોરચા પ્રમુખ, મહામંત્રી, હોદેદારો, કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી પાર્ટી દ્વારા સોંપવામાં આવેલ બુથ સશકિતકરણ સરલ એપ્લિકેશન અભિયાન અંતર્ગત બુથ સમિતિ પૂર્ણ કરવાની સાથે આગામી યોજાનાર કાર્યક્રમનાં સુચારૂ આયોજન અંગે સંગઠન હોદેદારો તથા પદાધિકારીઓએ ઉપસ્થિત રહી સૌને જરૂરી માર્ગદર્શન આપેલ હતું.

# દ્વારકામાં ડીવાયએસપી કચેરી પાસે એક બોટમાં આગ ભભુકી

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૫

દ્વારકામાં રીલાયન્સ રોડ પર ડીવાયએસપી કચેરી નજીક પડેલ એક બોટમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. જે અંગેની જાણ સ્થાનિકો દ્વારા ફાયર વિભાગને કરાતા ફાયરનો સ્ટાફ તુરંત ઘટનાસ્થળે દોડી ગયો હતો દ્વારકા નગરપાલિકા ફાયર વિભાગના જીતેન્દ્ર કારડીયા અજય સવાણી ભારાભા કેર વિગેરેએ તાત્કાલિક બોટમાં લાગેલી આગને બુઝાવી દીધી હતી અને નુકસાન થતાં અટકાવ્યું હતું.

# બિલખા પીએસઆઈ ચુડાસમાનું શ્રેષ્ઠ કામગીરી બદલ આગેવાનો દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું

(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૨૫

હાલમાં બિલખામાં હોનહાર અને સરળ સ્વભાવ ધરાવતા પીએસઆઈ આર.પી. ચુડાસમા ફરજ બજાવી રહેલી છે. છેલ્લા ત્રણ માસથી ચાલતા હિન્દુ-મુસ્લીમ તહેવારોમાં તેમના માર્ગદર્શન હેલ્પ સમગ્ર પોલીસ સ્ટાફ દ્વારા ચુસ્ત બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો. જેના લીધે તમામ જ્ઞાતિના લોકોએ શાંતીપુર્ણ વાતાવરણમાં ભાઈચારાની લાગણી સાથે તહેવારોની મજા માણી હતી. તાજેતરમાં ચાલતા નવરાત્રી મહોત્સવમાં બિલખા પોલીસ દ્વારા સતત પેટ્રોલીંગ કરી બિલખા અને બિલખાની નીચે આવતા અઢાર ગામોમાં લોકો સાથે મળી નવરાત્રીની ઉજવણી કરી હતી અને પોલીસ અને પ્રજા મિત્ર હોય એવું વાતાવરણ ઉભું કર્યું હતું. પોલીસની પ્રશંશનીય કામગીરીને ધ્યાને લઈને બિલખાના નાગ્રેચાવાડી વિસ્તારમાં આવેલ સર્વોદય ગરબી મંડળ દ્વારા પીએસઆઈ ચુડાસમા તેમજ પોલીસ સટાફનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસરપંચ સોયેબભાઈ ચોટલીયા, લોહાણા મહાજનના પ્રમુખ હિતેષભાઈ કંટારીયા, ઉપપ્રમુખ કુજેશભાઈ સોઢા, રવિદાસભાઈ ગોંડલીયા પુર્વ જીલ્લા પંચા. સભ્ય વજુભાઈ ધાડીયા, દલીત સમાજના આગેવાનો વિજયભાઈ ખાવડું, પરષોતમભાઈ મહીડા, પત્રકારો સુલતાન ચૌહાણ, ધર્મેન્દ્રભાઈ સોલંકી, ફુલાભાઈ સગર, પંચાયત સભ્ય મહેશભાઈ ડોસાણી, ગોરધનભાઈ કાપડી, શૈલેષભાઈ માંડાણી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢનાં એસ.પી. હર્ષદકુમાર મહેતા તરફથી જનજાગૃતિ, મહિલા જાગૃતિ, સિનિયર સિટીઝન, દાદા-દાદી, **drags averanes** જેવા જેટલા જેટલા અભિયાન ચાલુ કરેલ છે તે અંગે દરેક ગામડે ગામડે, સ્કૂલે સ્કૂલે અને તમામ ગરબીઓમાં આ અંગે પ્રવચન આપી સુંદર કામગીરી કરી જૂનાગઢનાં એસ.પી. હર્ષદકુમાર મહેતાના આ અભિયાનને બિરદાવેલ છે.



# માણાવદર તાલુકાના કોઠારીયા ગામે બાલાસરા પરિવારના કુળદેવી માતાજીના મંદિરમાં દાનપેટીમાંથી ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

માણાવદર તાલુકાના કોઠારીયા ગામે રહેતા રાજેશભાઈ ગોવિંદભાઈ બાલાસરા આહીર(ઉ.વ.૪૬)એ મોટરસાઈકલ નંબર ૭૧૪૬ વાળા અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, કોઠારીયા ગામે આવેલ બાલાસરા પરિવારના કુળદેવી સચૈળ માતાજીના મંદિરમાં અજાણ્યા શખ્સો પ્રવેશ કરી મંદિરમાં આવેલ દાનપેટી તોડી રોકડ રૂા.૯ થી ૧૦ હજાર ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વંથલીના શાપુર ગામે જુગાર દરોડો : સાત ઝડપાયા

વંથલી પોલીસે શાપુર ગામે અતુલભાઈ કરશનભાઈ ઝાલાના રહેણાંક મકાનમાં જુગાર અંગે દરોડો પાડતા સાત શખ્સોને રૂા.૨૮,૨૦૦ના મુદામાલ સાથે જુગાર રમતા ઝડપી લઈ તેના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# સોમનાથ રહેણાંક વિસ્તાર આસપાસ ધામા નાખનાર દિપડો પાંજરે પુરાયો

**સોમનાથના ગુફા મ્યુઝયમ-પાર્કિંગ નજીક ગોઠવાયેલ પાંજરામાં વહેલી સવારે કેદ થયો દિપડો**

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૫

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર કર્મચારી સોસાયટી અને સોમનાથ ગુફા મ્યુઝયમ પાસે છેલ્લા છ મહિનાથી દિપડા પરિવારે નાખેલ ધામામાં વનતંત્રની જહેમત અને સોમનાથ ટ્રસ્ટ અને રાજુભાઈ કોડીયાતરના સહયોગથી આજે વહેલી સવારે પાંચ વાગ્યે દિપડો નર એક તે સ્થળે ગોઠવાયેલ પાંજરામાં કેદ થયો છે.



# ભોગાતના દરિયાકાંઠે થતું ખનીજ ખનન ઝડપાયું : વાહનો કબજે, આરોપીઓ ફરાર

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અવારનવાર વિવિધ પ્રકારનું ખનિજ ખનન ઝડપાય છે. ત્યારે કલ્યાણપુર પંથકના આવેલા દરિયાકાંઠેથી કોઈ તત્વો દ્વારા વાહનો મારફતે થઈ રહેલી ખનીજ ચોરીને પોલીસે પકડી પાડી હતી. જોકે આરોપીઓ પોલીસને હાથ લાગ્યા ન હતા.

આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ કલ્યાણપુર પોલીસ મથકના પી.એસ.આઈ. યુ.બી. અખેડ તથા સ્ટાફ દ્વારા કરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન કોન્સ્ટેબલ નારણભાઈ આંબલીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ભોગાત ગામની સીમમાં આવેલા દરિયાકાંઠા વિસ્તારમાં ખનીજ ચોરી સામે કરવામાં આવેલી કાર્યવાહીમાં પોલીસ સ્ટાફ દ્વારા આ સ્થળેથી કોઈ તત્વો દ્વારા લોડર મશીનની મદદથી દરિયાઈ રેતીનું ખનન કરી અને જી.જે. ૩૭ ટી ૯૯૯૩ નંબરના એક ટ્રક મારફતે દરિયાઈ રેતીનું વહન કરવાની પ્રવૃત્તિ થતી હોવાનું ખુલવા પામ્યું છે.

આ સ્થળે દરોડા દરમિયાન પોલીસે લોડર મશીન તથા ટ્રક કબજે કર્યો હતો. જો કે પોલીસ કાર્યવાહી પૂર્વે આરોપીઓ નાસી છૂટવામાં સફળ થયા હતા. આ સમગ્ર પ્રકરણ અંગે કલ્યાણપુર પોલીસે જરૂરી નોંધ કરી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ સમગ્ર કાર્યવાહી કલ્યાણપુરના પી.એસ.આઈ. યુ.બી. અખેડ, એ.એસ.આઈ. રામશીભાઈ ચાવડા, લખમણભાઈ કારાવદરા, વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

## અવસાન નોંધ

જામ ખંભાળિયા : સ્વ. શ્રી દ્વારકાદાસ નરશીંદાસ પોપટ(બચુભાઈ રાણવાળા)ના પુત્ર, નગરપાલિકાના પૂર્વ સદસ્ય તેમજ કોંગી કાર્યકર સુભાષભાઈ પોપટ(ઉ.વ. ૭૦) તે રમણીકભાઈ પોપટ(પત્રકાર, રાજકોટ)ના નાનાભાઈ, વનીતભાઈ વિનોદભાઈ(વી. પોપટ બ્રધર્સ વાળા) અને દિનેશભાઈ પોપટ (એલ.આઈ.સી.- લાયન્સ ક્લબ)ના મોટાભાઈ તારીખ ૨૫ મીના રોજ અવસાન પામ્યા છે.

# વેરાવળની સોનેચા કોલેજમાં એમ.બી.એ. અને એમ.સી.એ.માં વર્ષ ૨૦૨૩-૨૪ ના પ્રવેશની તારીખ લંબાવી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૫

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે પ્રવેશની તારીખ લંબાવાયેલ હોય જેમાં વેરાવળની એન. જે. સોનેચા મેનેજમેન્ટ એન્ડ ટેકિનકલ ઈનસ્ટીટ્યુટના ડીરેકટર ડો.કે.સી. દ્રીવેદીએ જણાવેલ કે, તાજેતરમાં સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદા અનુસાર એ.આઈ.સી.ટી.ઈ. દિલ્હી અને એ.સી.પી.સી. ગુજરાત દ્વારા એમ.બી.એ. અને એમ.સી.એ.માં વર્ષ ૨૦૨૩-૨૪ ના પ્રવેશની તારીખને લંબાવીને તા.૩૦-૧૦-૨૦૨૩ કરવામાં આવેલ હોય જેથી આ વર્ષ પ્રવેશ મેળવવામાં રહી ગયેલ વિધાર્થીઓએ તા.૩૦-૧૦-૨૦૨૩ સુધીમાં પ્રવેશ મેળવી લેવા અનુરોધ કરેલ છે.

# માનપર ગામે યુવાનને સમાધાન કરવા બોલાવીને હત્યાનો પ્રયાસ : બે કૌટુંબિક શખ્સો સામે ફરિયાદ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

ભાણવડ તાલુકાના માનપર ગામના મૂળ રહીશ અને હાલ જામનગરમાં ગોકુલનગર ખાતે રહેતા પોલાભાઈ અરજણભાઈ બેરા નામના ૪૬ વર્ષના યુવાનના કુટુંબીકભાઈ રવિ બેરાએ પ્રેમ લગ્ન કર્યા હોય, જે બાબતનું મનદુઃખ ચાલ્યું આવતું હોવાથી ફરિયાદી પોલાભાઈના કુટુંબી કાકા મસરીભાઈ કરણાભાઈ બેરાએ સમાધાન કરવા માટે તેમને બોલાવેલા હોવાથી આજથી આશરે ચારેક દિવસ પૂર્વે તેઓ એક અર્ટિગા મોટરકારમાં રવિભાઈને બેસાડી અને મસરીભાઈ કરણાભાઈ બેરાના ઘરે ગયા હતા. અહીં ઉશ્કેરાયેલા આરોપી મસરીભાઈ સાથે બોલાચાલી થયા બાદ તેને અર્ટિગા મોટરકારમાં નુકસાની પહોંચાડી હતી. આ મોટરકારમાં થયેલી નુકસાનીના ખર્ચની રકમ આપવા માટે બંને વચ્ચે રકઝક ચાલતી હતી. જે બાબતનો ખાર રાખી, મશરી બેરા તેમજ તેની સાથે અન્ય એક આરોપી દેવાણંદ અરજણ બેરા નામના બંને શખ્સોએ એકસંપ કરીને પોલાભાઈને મારી નાખવા માટેનું કાવતરૂ રચ્યું હતું. ગત તારીખ ૨૩મી ના રોજ બપોરના આશરે સાડા ચાર વાગ્યાના સમયે માનપર ગામથી બોડકી ગામ તરફ જતા રસ્તે આરોપીઓએ પોલાભાઈને નુકસાનીના ખર્ચના પૈસા આપવા માટે બોલાવ્યા. ત્યારે પોલાભાઈ તથા તેમનો ભાણેજ ધવલ જી.જે. ૧૦ ડી.પી. ૪૧૪૫ નંબરના મોટરસાયકલ ઉપર બેસીને માનપર ગામની સીમ વિસ્તારમાં પહોંચ્યા હતા. માર્ગમાં ટ્રેક્ટર લઈને આવેલા બંને આરોપીઓએ પોલાભાઈ ઉપર ટ્રેક્ટર ચડાવી દીધું હતું.

# માણાવદરમાં ખાદ્ય પદાર્થની તપાસ કરવા ઉઠતી માંગ

માણાવદર તા. ૨૫

માણાવદર શહેરમાં ખાદ્ય પદાર્થમાં અખાદ્ય પદાર્થની તત્કાળ તપાસ કરવી જોઈએ તેવી લોક માંગણી ઉઠવા પામી છે. કારણ કે શહેરમાં ગંભીર રોગો કીડની, ચામડીના રોગો, મોઢાના તથા દાંતના તેમજ કેન્સરનાં રોગોનો ચોંકાવનારો કિસ્સો સામે આવી રહયો છે. આ ખાદ્ય પદાર્થ અંગે તત્કાલ ગાંધીનગરથી તપાસ હાથ ધરવા લોક માંગણી ઉઠવા પામી છે ફુડ વિભાગની બેદરકારીથી પ્રજાજનો ભોગ બની રહી છે.

### રવિવારે સમાજના આગેવાનો અને દાતાઓની હાજરીમાં કાર્યક્રમ યોજાશે

# વિસાવદરના સુખપુરમાં રૂા.બે કરોડના ખર્ચે બનેલા નૂતન લેઉવા પટેલ સમાજ ભવનનું લોકાર્પણ થશે

### સમાજરત્ન બીપીનભાઈ રામાણી અને ડો.વડાલિયાના માર્ગદર્શન હેઠળ ભવન તૈયાર થયું : સમાજ સંગઠીત હશે તો તમામ મુશ્કેલીઓ સામે અડગ બનીને ટકી રહેશે : સમુહલગ્ન પ્રણેતા હરસુખ વઘાસીયા



જૂનાગઢ, તા.૨૫

વિસાવદર તાલુકાના સુખપુર ગામ ખાતે દાતાઓ તેમજ સમસ્ત ગ્રામજનોના સહયોગથી આશરે રૂા.બે કરોડના ખર્ચે પાંચ હજાર વાર જગ્યામાં તૈયાર થયેલા લેઉવા પટેલ સમાજના નૂતન ભવનનું તા.૨૯ને રવિવારના રોજ લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગ સમાજના રાજકીય, સામાજિક અને સેવાભાવી આગેવાનો તથા અધિકારીઓ અને મોટી સંખ્યામાં જ્ઞાતિજનોની હાજરીમાં ભવ્ય લોકાર્પણ સમારોહ યોજાશે.

સુખપુર ગામમાં સમાજ ભવનના નિર્માણના મુખ્ય દાતા અને યુવા સમાજસેવક બિપીનભાઈ રામાણી તેમજ ડો.વડાલિયાના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા લેઉવા પટેલ સમાજના નવા ભવનના લોકાર્પણ સમારોહ અંગે વિગતો આપતા સમુહલગ્ન પ્રણેતા અને સમાજસેવક હરસુખભાઈ વઘાસિયાએ જણાવ્યું છે કે, તા.૨૯ને રવિવારના રોજ બપોરે ૩ કલાકે કાર્યક્રમની શરૂઆત થશે અને ૩.૪૫ કલાકે લોકાર્પણ વિધિ અને ત્યાર બાદ સમાજના દાતાઓ તથા શ્રેષ્ઠીઓનું સન્માન કરાશે. આ પ્રસંગે હાજર આગેવાનો સમાજને માર્ગદર્શન પુરૂ પાડશે. આજના સમયમાં રચનાત્મક કાર્યો માટે સમાજ સંગઠિત હોય તે ખૂબ જરૂરી છે. સમાજ સંગઠિત બનીને આવા કાર્યો થકી નાના વર્ગને મદદરૂપ બને તે સમયની માંગ છે. દીકરા-દીકરીઓમાં શિક્ષણની સાથે સંસ્કારનું સિંચન આવશ્યક છે. સમાજ સંગઠિત હશે તો તમામ પ્રકારની મુશ્કેલીઓ સામે અડગ બનીને ટકી શકશે. ત્યારે સુખપુરના આ કાર્યક્રમમાં તમામ જ્ઞાતિજનોને સહભાગી બનવા અનુરોધ કરાયો છે.

ગુજરાતના કેબીનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાનારા સમારોહમાં ગગજીભાઈ સુતરીયા, વસંતભાઈ ગજેરા, વડોદરાના પટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ.ના પ્રવિણભાઈ પટેલ, પ્રફુલભાઈ પાનસેરીયા, સાંસદ રમેશભાઈ ધડૂક, પૂર્વ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયા, પૂર્વ મંત્રી કનુભાઈ ભાલાળા, પોપટભાઈ રામાણી, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, પરેશભાઈ ધાનાણી, આઈજી નિલેશ જાજડિયા, રમેશભાઈ ગજેરા, જૂનાગઢ ચેમબ ઓફ કોમર્સના પ્રમુખ વિજયભાઈ દોમડિયા સહિતના આગેવાનો, ઉદ્યોગપતિઓ અને અધિકારીઓ હાજર રહેશે. સુખપુર ગામના સમસ્ત લેઉવા પટેલ સમાજ વતી લેઉવા પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આ નૂતન સમાજ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# સુત્રાપાડાના પ્રાંસલી માર્કેટિંગ યાર્ડમાં મગફળી અને સોયાબીનની ખરીદીનો પૂર્વ મંત્રી બારડના હસ્તે પ્રારંભ થયો

(રાકેશ પરડવા દ્વારા)


વેરાવળ, તા.૨૫



સુત્રાપાડા માર્કેટિંગ યાર્ડના આધ્યાસ્થાપક અને પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડે મગફળી અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ કરાવેલ હતો. સરકાર તરફથી ટેકાના ભાવથી મગફળી અને સોયાબીન અંગેની ખરીદીનું સેન્ટર સુત્રાપાડા માર્કેટિંગ યાર્ડ પ્રાંસલીમાં શરૂ કરવામાં આવેલ જેમાં મગફળીના ટેકાના ભાવની કિંમત ૨૦ કિલોના રૂા.૧૨૭૫/- તેમજ સોયાબીનના ટેકાના વીસ કિલોના રૂા.૯૨૦/- પ્રમાણે ખરીદી કરવામાં આવી રહેલ છે. સુત્રાપાડા માર્કેટિંગ યાર્ડ પ્રાંસલી ખાતે મગફળી અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવતા સુત્રાપાડા તાલુકાનાં શહેર તેમજ ગ્રામ્યના તમામ ખેડૂતોમાં ખુશી ની લહેર વ્યાપી ગયેલ હતી. અને દરેક ખેડૂત પોતાની જણસ સુત્રાપાડા માર્કેટિંગ યાર્ડ પ્રાંસલી ખાતે સેન્ટરમાં જઈ અને માર્કેટિંગ યાર્ડનો લાભ લે તેવો અનુરોધ પૂર્વ મંત્રી જશાભાઈ બારડે કરેલ હતો. સુત્રાપાડા માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોના કુલ ૪૦૦૦ થી વધુ રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે જેમાં ખેડૂતોના વારા પ્રમાણે તેઓના જણસની ખરીદી સરકાર દ્વારા નિમણૂંક થયેલ નોડલ એજન્સી દ્વારા કરવામાં આવશે. સુત્રાપાડા માર્કેટિંગ યાર્ડ પ્રાંસલી ખાતે મગફળી અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી નો શુભારંભ પૂર્વ મંત્રી જશાભાઈ બારડના હસ્તે કરવામાં આવેલ તેમજ આ અવસરે શ્રીફળ વધારી સાકરથી હાજર સૌ ખેડૂતોના મોઢા મીઠા કરાવેલ હતા. જશાભાઈ બારડની સાથે માર્કેટિંગ યાર્ડના ચેરમેન દિલીપભાઈ બારડ તેમજ ખેડૂત આગેવાનો ઉકાભાઈ સોલંકી, ઉમેદભાઈ, માનસિંહભાઈ જાદવ, વિરાભાઈ ઝાલા, સામતભાઈ ખેર, એભાભાઈ મેર, સરમનભાઈ વંશ, કાદુભાઈ જાદવ, કાદુભાઈ બારડ, કાનજીભાઈ પરમાર, વિજયભાઈ ઝાલા, દિનેશભાઈ બારડ, વનરાજભાઈ વાળા, પ્રતાપભાઈ જાદવ, નારણભાઈ જાદવ, વરજાંગભાઈ વંશ તેમજ યાર્ડના સેક્રેટરી શૈલેશભાઈ બારડ, વાળાભાઈ અને સમગ્ર સ્ટાફ હાજર રહેલ હતા.

# વેરાવળના સર્વે બ્રાહ્મણોએ પોતાના પારંપરિક વસ્ત્ર પરિધાન ધોતી પહેરીને માતાજીની આરાધના કરી

### યુવા પેઢી સંસ્કૃતિથી જોડાઈ રહે તેવા શુભ આશયથી બ્રહ્મ સમાજનું વિશેષ આયોજન





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૫

માતાની આરાધના માટે ગીર સોમનાથમાં બ્રહ્મસમાજ દ્વારા ધોતી રાસ યોજાયેલ છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ ભૂમિ ઉપર વેરાવળ ખાતે સમસ્ત બ્રહ્મસમાજ પારંપરિક પહેરવેશ ધોતી સાથે માતાના ગરબે ઘૂમીને સમગ્ર સંસારમાં શાંતિ અને કલ્યાણની પ્રાર્થના કરી છે. ત્યારે માતાના આઠમા નોરતે વડીલ, બાળકો, યુવાનો સૌ હજારો વર્ષો જૂના પરિધાન ધોતિમાં રાસ રમ્યા હતા.

નવરાત્રીના આઠમા નોરતે માતાની વિશેષ આરાધના કરવા સોમનાથ વેરાવળ ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વિશેષ ધોતી પહેરીને રાસ લેવામાં આવ્યા હતા. ધોતી જેને અબોટીયુ, મૂકટો અથવા પીતાંબર કહે છે તે બ્રહ્મ સમાજનું આદિ અનાદિ વસ્ત્ર પરિધાન કહેવાયું છે ત્યારે યુવા પેઢી સંસ્કૃતિથી જોડાઈ રહે તેવા શુભ આશયથી બ્રહ્મ સમાજ દ્વારા ધોતી પહેરીને વિશેષ રાસનું આયોજન કરવામાં આવેલ હોવાનું બ્રહ્મ સમાજના પ્રમુખ તુષારભાઈ પંડયા, પ્રભારી રીતેશભાઈ પંડયાએ જણાવેલ છે.

નવરાત્રી એટલે માતાની આરાધના કરવાનો પર્વ દરેક લોકો પોત પોતાની યથાશક્તિ જગતજનની મા શક્તિની આરાધના કરતા હોય છે ત્યારે સોમનાથ ક્ષેત્રના વેરાવળ તાલુકાના તમામ બ્રાહ્મણોએ પોતાનું પારંપરિક વસ્ત્ર પરિધાન ધોતી પહેરીને માતાની આરાધના કરી હતી. કર્મકાંડ હોય કે શુભ પ્રસંગ દરેક જગ્યાએ બ્રાહ્મણો ધોતી પહેરે અને યુવા પેઢી હજારો વર્ષોથી વારસામાં મળેલી પારંપારિક વેશભૂષા સાથે જોડાયેલ રહે અને સામાજિક ભાવના કેળવે તેવા આશયથી પારંપરિક ધોતીમાં માતાના રાસ નું આયોજન કરાયું હતું. આ સાથે જ વિશ્વમાં જ્યારે ચારે તરફ તણાવની સ્થિતિ જોવા મળે છે. ત્યારે માતાજીને વિશ્વમાં શાંતિ સ્થપાય અને સૌનું કલ્યાણ થાય તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજ જૂનાગઢ મહાનગરના નવનિયુકત હોદેદારોની બેઠક યોજાઈ



જૂનાગઢ, તા.૨૫

સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજ જુનાગઢ મહાનગરના નવનિયુકત હોદેદારોની બેઠક યોજાઈ ગઈ. આ બેઠકના અધ્યક્ષ સ્થાને પ્રમુખ મેહુલભાઈ દવે એ બ્રહમસમાજને સંગઠીત કરી રચનાત્મક કાર્યક્રમો કરવા તેમજ જૂનાગઢના દરેક વોર્ડમાં પાંચ લોકોની ટીમ બનાવી અને સમાજના છેવાડાના લોકો સુધી આપણી વાત પહોંચે અને સમાજના લોકો અને જરૂરીયાતમંદો માટે કઈ રીતે ઉપયોગી થઈ શકાય તે માટે અનુરોધ કારોબારીને કર્યો હતો. મહામંત્રી જેન્તીભાઈ શીલુએ બ્રહ્મસમાજ માટે આગામી કાર્યક્રમો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી અને હોદેદારો તેમજ કારોબારી સભ્યોમા સુચનો પણ લીધા હતા અને સારી રીતે શહેરની બ્રહ્મસમાજની ટીમ રચનાત્મક કાર્યો કરે તેવી હાકલ કરી હતી. આ બેઠકમા ઉપપ્રમુખ, સંગઠનમંત્રી તેમજ કારોબારી સદસ્યો ઉપસ્થીત રહ્યા હતા તેમ જેન્તીભાઈ શીલુ મહામંત્રી સમસ્ત બ્રહમસમાજ જૂનાગઢની યાદીમાં જણાવેલ છે.

# માંગરોળમાં શ્રી ગરાસીયા રાજપુત સમાજ દ્વારા વિજયા દશમી પર્વે શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજાયો

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૨૫



માંગરોળ શ્રી ગરાસીયા રાજપુત સમાજ દ્વારા વિજયા દશમીનું ભવાની માતાજી મંદિર દરબારગઢના સાનિધ્ય મા શાસ્ત્રોકત વીધી સાથે શસ્ત્ર પુજન અર્ચન કરવામાં આવ્યું અને ભવાની માતાજીના મંદિરેથી રાજપુત સમાજ લોકો દ્વારા સાફામાં સજ્જ થઈ તલવારો સાથે વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવેલ તેમનું લીમડાચોક ખાતે વિશ્વ હીંદુ પરિષદ દ્વારા રાજપુત સમાજના આગેવાનોનું તેમજ શસ્ત્રનું કુમકુમથી તિલક કરી ફુલહાર પહેરાવી પુષ્પો વરસાવીને સન્માન કરવામાં આવ્યું હતું અને લીમડાચોકમાં તલવાર રાસની રમઝટ બોલાવી હતી.

## જૂનાગઢ : કોળી સમાજનો શરદોત્સવ આગામી શનિવારે યોજાશે

જૂનાગઢ તા.

તાજેતરમાં જૂનાગઢ સમસ્ત કોળી સમાજના આગેવાનોની બેઠક મળી હતી જેમાં કોળી સમાજનો શરદોત્સવ આગામી તા.૨૮/૧૦/૨૦૨૩ શનિવારે સાંજે ૭:૩૦ કલાકે, નિલકંઠ પાર્ટી પ્લોટ ઝાંઝરડા ચોકડી પાસે જૂનાગઢ ખાતે યોજવાનો નિર્ણય લઈ આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. સમસ્ત કોળી સમાજના આગેવાનો દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે તેમ બટુકભાઈ મકવાણાની યાદીમાં જણાવ્યું છે.

# તપોવન શૈક્ષણિક સંકુલ જૂનાગઢના વિદ્યાર્થીઓએ શિબિરમાં ભાગ લીધો

જૂનાગઢ, તા.૨૫





તપોવન શૈક્ષણિક સંકુલ જૂનાગઢના વિદ્યાર્થીઓ ડુંગર દક્ષિણ રેન્જ વિભાગ દ્વારા આયોજિત શિબિરની અંદર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પહેલા દિવસે વિદ્યાર્થીઓને પ્રાણી સંગ્રહાલય અને ટ્રેકિંગ માટે અને જુદા જુદા પ્રાણી, પક્ષીઓ વિશે ખૂબ જ સમજણ પૂર્વક અને ઊંડાણપૂર્વક જુદી જુદી માહિતી વન વિભાગમાંથી ખાચરભાઈ અને તેમના સ્ટાફ દ્વારા આપવામાં આવી હતી. ત્યાર પછી બીજા દિવસે ડુંગર દક્ષિણ વન વિભાગ દ્વારા ભવનાથમાં ગિરનાર પર્વત ઉપર થનારા વૃક્ષો અને ગિરનારી ગીધ વિશે સમજણ આપવામાં આવી હતી. ખાસ આ તકે ડુંગર દક્ષિણ વન વિભાગના આરએફઓ ભાલીયા સાથે વન વિભાગનો સ્ટાફ અને મંજુબેન આહીર જોડાયા હતા અને આ તકે સ્કૂલમાંથી જીગરભાઈ રાદડિયા, ઊર્મિતભાઈ, ભાવિનભાઈ હાજર રહ્યા હતા અને વન વિભાગનો શાળાના પ્રમુખ અશ્વિનભાઈ મેંદરપરાએ આભાર માન્યો હતો.

# લોઢવા ગામે હિતેન્દ્રકુમાર શિવશંકર જોશી દ્વારા આયોજિત ગુરૂકૃપા યાત્રાસંઘ લોઢવાથી હરિદ્વાર રવાના થયો

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા. ૨૪



સુત્રાપાડાના લોઢવા ગામે રહેતા હિતેન્દ્રકુમાર શિવશંકર જોશી દ્વારા છેલા ઘણા વર્ષોથી લોઢવા ગામની અંદર અતિ પૌરાણિક મંદિરોનું નિર્માણ પોતાના સ્વખર્ચે કર્યું છે તેમજ લોઢવા ગામના નાના અને મધ્યમ વર્ગના લોકોને પોતાના સ્વખર્ચે રહેવા માટે નવા ઘર બનાવી આપ્યા છે. તેમના પિતાશ્રી સ્વ.શિવશંકર વલ્લભજી જોશીની પુણ્યતિથિ નિમિત્તે તેઓએ એક હજારથી વધારે લોકોને લોઢવાથી હરિદ્વારની યાત્રા કરાવવાનો સંકલ્પ કર્યો હતો ત્યારે ગઈકાલે લોઢવાથી પ્રથમ ત્રણ બસ ૧૭૦ લોકો સાથે વહેલી સવારે લોઢવા ગામેથી નીકળી હતી. આ યાત્રા સૌપ્રથમ તો દેવાધિદેવ સોમનાથ મહાદેવના પ્રટાગણમાંથી શરૂ થઈ ચોટીલા, અંબાજી, બહુચરાજી માતાજી, પોકરણગઢ, કૃષ્ણ જન્મભૂમિ વૃંદાવન ગોકુળ, હરિદ્વાર સહિત ૩૫થી વધારે ધામની યાત્રા કરી પરત લોઢવા આવશે. આ યાત્રા તેમના દ્વારા નિઃશુલ્ક રાખવામાં આવી છે તેમજ તેમની સાથે ૧૫ સ્વયંસેવકો ૧૫ રસોયા સહિત તમામ જગ્યાએ રહેવા જમવાની વ્યવસ્થાનું પણ આયોજન કરવામાં આવ્યું છે તેમજ યાત્રાળુને કોઈપણ જાતની અગવડ નો પડે તે માટે તમામ ધાર્મિક સ્થળોએ ટેલીફોનિક વાતચીત કરી તમામ જગ્યાએ રહેવાની અને જમવાની તમામ વ્યવસ્થા પહેલેથી જ કરાવી લીધી છે.

# સોનપરા ગામની કારડીયા રાજપૂત સમાજની દીકરીએ અભ્યાસ ક્ષેત્રે અપ્રિતમ સિદ્ધિ હાંસલ કરી

(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૨૫

ડોળાસા નજીકના સોનપરા ગામની કારડીયા રાજપૂત સમાજ દીકરી કુ. અગ્રતાબેન ઉમેશભાઈ વાઢેળ પંજાબના જલંધર ખાતે લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરી રહી છે અને અભ્યાસમાં એવા લીન થઈ ગયા કે સિદ્ધિઓએ તેઓને સામેથી ગળે લગાવી રહી છે. અગ્રતાબેન વાઢેળ ગીરગઢડા તાલુકાના સોનપરા ગામમાંથી આવે છે, સોનપરા ગામ સરપંચ ડો.ઉમેશભાઈ વાઢેળની પુત્રી છે તે લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી પંજાબમાં વનસ્પતિ શાસ્ત્રમાં પી.એચ.ડી.કરી છે અને તાજેતર ડોક્ટરની ડિગ્રી હાસિલ કરી છે . તેણીનો એક લેખ યુકેના એક સામયિકમાં પ્રસિદ્ધ થયો હતો.ગાંજા અને અફીણ છોડમાં ઉપયોગી વસ્તુઓ શોધવા ભારે પરિશ્રમ કરી તજજ્ઞો સામે સાબિત કરી બતાવ્યું હતું કે આ છોડના તત્વોમાં કેન્સર જેવી ગંભીર બીમારી સામે લડવાની ક્ષમતા પૂરી પાડે છે. અગ્રતાબેન એક વૈજ્ઞાનિક તરીકે પંજાબના જલંદર ખાતે અભ્યાસ કરે છે તેઓએ એક એવું શંધોધન કર્યું છે કે, અફીણ અને ગાંજા જેવા નર્કોટિસ્ક દુષણો પણ તેનો સદ ઉપિયોગ કરવામાં આવે તો તે માનવ જીવનમાં અતિ ઉપિયોગી સાબિત થઈ શકે છે અને વિશ્વના વૈજ્ઞાનિકો સામે તેમને ડેમો બતાવી આ વાત સાબિત કરવા સફળ પ્રયાસ કર્યો હતો અને બાદ તેઓ ને શ્રેષ્ઠ રિસર્ચ સ્કોલર તરીકેનો એવોર્ડ પણ મેળવ્યો હતો. વિશ્વભરના વૈજ્ઞાનિકો વર્ષોથી કેન્સર જેવી ગંભીર બીમારી સામેની પ્રતિકારક દવાઓનું સંશોધન કરી રહ્યા છે પણ હજુ સુધી કેન્સર સામેની ચોક્કસ અને પદ્ધતિ સરની સારવાર ઉપલબ્ધ નથી. કેન્સરની સારવાર હવામાં તુક્કા બરાબર છે. અત્યાર સુધી નર્કોટિસ્ક દવાઓનો ઘેનની દવાઓમાં ઉપિયોગ થાય છે. ડો.અગ્રતાબેનના સંશોધનાત્મક દાવા મુજબ વિશ્વ આરોગ્ય સંસ્થા આ અંગે વધુ સંશોધન કરે તો કેન્સર સામે એક અસર કારક દવા અસ્તિત્વમાં આવી શકે. આ ઉપરાંત હૈદરાબાદમાં SARSD કૃષિ સંશોધન નામના જૂથ દ્વારા આ ઈન્ટરનશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ઓન અગ્રતાબેનના સંશોધન બદલ સન્માનિત કરાયા હતા.

# ઉના : શ્રી વેદમાતા મા ગાયત્રી મંદિર ખાતે હવન અષ્ટમીનો કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૫



શ્રી વેદમાતા મા ગાયત્રી મંદિર ખાતે અષ્ટમીના દિવસે અનંત વિભૂષિત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી જયઅંબાનંદગીરી મા (શ્રી પંચદશનામ જૂના અખાડા)એ મહાઆરતીનો લાભ લઈ આશીર્વાદ ગાયત્રી ગરબી મંડળ તથા ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટના સર્વે સદસ્યોને આશીર્વાદ આપ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# માણસ આજે ઈન્ટરનેટથી સજ્જ સ્માર્ટફોનની કઠપૂતળી બની ગયો છે

એક સમય હતો જ્યારે લોકો સમય વ્યતીત કરવા અંતાક્ષરી રમતા, પત્તાં રમતા, કેટલીય ઘરેલુ રમતો રમતા, જેનો ઉદ્દેશ્ય વધારાના સમયમાં વ્યસ્ત રહીને મનોરંજન કરવાનો રહેતો. મધ્યમવર્ગીય ઘરોમાં ટીવી પહોંચ્યા બાદ આ ચીજોમાં ફેરફાર થવા લાગ્યો અને એ વાક્ય સામાન્ય થઈ ગયું કે હવે એટલું કામ છે કે સમય જ નથી રહેતો! પરંતુ દોડાદોડીભરી આ જિંદગી વચ્ચે હાલમાં વર્ષોમાં (ખાસ કરીને કોરોનાકાળમાં) ખાલી સમયે એટલી જોરદાર વાપસી કરી કે દેશ-દુનિયાની તમામ કંપનીઓ ટાઈમપાસના આપણા શોખના દોહનની કારોબારી કસરતમાં જોડાઈ ગઈ. આ કારોબાર કાયદેસર છે કે ગેરકાયદે, તેની ફિકર તેમને નથી. આપણા દેશની જ વાત કરીએ તો તેમાં હાલમાં જ એક ઓનલાઈન બેટિંગ એપમાં દેશના હજારો-લાખો લોકોને સટ્ટાબાજીમાં ધકેલવા, હવાલા દ્વારા રકમની હેરફેર અને સટ્ટાબાજીમાં જનતાને પ્રભાવિત કરવા માટે પ્રતિષ્ઠિત સિને હસ્તીઓને સામેલ કરાવવાનો સિલસિલો ઝડપાયો, જેની તપાસ હાલમાં ચાલુ છે. મોટો સવાલ એ છે કે જો દેશના મોટાભાગના રાજ્યોમાં લોટરી જેવી ગતિવિધિઓ પર પ્રતિબંધ હોય તો સટ્ટાબાજીનો ઓનલાઈન ઠગાઈનો ધંધો કેવી રીતે ચાલુ છે? કેટલાક ચાલાક લોકો માટે રાતોરાત કરોડો-અબજો રૂપિયાની હેરફેર કરવાનો તે રસ્તો બની જાય છે અને તેના પર લાંબા અરસા સુધી એજન્સીઓની નજર નથી પડતી.

ઓનલાઈન સટ્ટેબાજીના કિસ્સા તો કેટલાય છે, પરંતુ આ વર્ષની શરૂઆતમાં તેમાંથી એક ઓનલાઈન બેટિંગ એપના સંચાલકે જ્યારે દુબઈ જઈને લગ્ન કર્યાં અને તેમાં લોકોના આવવા-જવા માટે લગાવવામાં આવેલ ખાનગી જેટ વિમાનો અને લગ્નમાં નાચવા માટે બોલિવુડના કલાકારો પર ૨૦૦ કરોડ રૂપિયા રોકડા ખર્ચ કર્યા તો તપાસ એજન્સીઓના કાન ઊભા થઈ ગયા. દાવો કરવામાં આવ્યો કે ઓનલાઈન સટોડિયાના લગ્નની શાહી વ્યવસ્થા અંતર્ગત બુક કરવામાં આવેલ હોટેલો, બોલાવવામાં આવેલા વેડિંગ પ્લાનર, ડાન્સર, ડેકોરેટર અને ફિલ્મી સિતારાને હવાલા દ્વારા લગભગ ૨૦૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી. હાલમાં ઈડીએ એ બેટિંગ એપ દ્વારા જોડાયેલા લોકોના ઠેકાણાં પર છાપો મારતાં લગભગ ૪૧૭ કરોડ રૂપિયાની ગેરકાયદે સંપત્તિ પણ જપ્ત કરી છે, જેમાં ભારે માત્રામાં ઘરેણાં અને રોકડ પણ સામેલ છે. કેટલાક વર્ષ પહેલાં જે શખ્સ જ્યૂસ વેચતો હતો, તેના લગ્નમાં બોલિવુડ સિતારાઓ કુરનિશ બજાવે તો સવાલ ઊઠવો સ્વાભાવિક છે કે એવો કયો ધંધો છે જેમાં કોઈ શખ્સ રાતોરાત અમીરીના શીર્ષ પર જઈ પહોંચે?


મામલો માત્ર ઓનલાઈન સટ્ટાબાજી એપનો નથી, હાલના વર્ષોમાં દેશમાં એક એવી ટાઈમપાસ ઈન્ડસ્ટ્રી પેદા થઈ ગઈ જેના કામકાજમાં ધૂંધળાપણું છે, પરંતુ જે જાહેરાતો અને રમતોના પ્રયોજન વગેરેમાં મોટા-મોટા સિતારાઓની મદદ પર કરોડો રૂપિયા ફૂંકે છે. ત્રણ વર્ષ પહેલાં ૨૦૨૦માં જ્યારે ઓનલાઈન ફેન્ટસી ગેમિંગ કંપની ડ્રીમ-૧૧એ આઈપીએલના પ્રાયોજક તરીકે ૨૫૦ કરોડનો દાવ ખેલ્યો હતો, ત્યારે પણ આવી જ આશંકા પેદા થઈ હતી કે આખરે આ ઉદ્યોગ લોકોને ઓનલાઈન જુગારની લત તરફ તો નથી ધકેલી રહ્યા, જેની કાયદેસરતા સવાલના દાયરામાં છે. મામલો કેટલો શંકાસ્પદ છે, તેની ખબર એના પરથી થાય છે કે સપ્ટેમ્બર ૨૦૨૩માં જ જીએસટી ઈન્ટેલિજન્સ મહાનિર્દેશાલયે ડ્રીમ-૧૧ સહિત તમામ ઓનલાઈન રિયલ મની ગેમિંગ કંપનીઓને ૫૫ હજાર કરોડનો જીએસટી બાકી વસૂલવા માટે કારણદર્શક નોટિસ મોકલી છે. એ તો નક્કી છે કે હાલના વર્ષોમાં કેટલીય ઓનલાઈન ગેમિંગ કંપનીઓએ અખૂટ નાણાં ભેગાં કરીને એ સાબિત કરી દીધું છે કે દેશમાં સામાન્ય લોકો પાસે સમયની કોઈ કમી નથી અને તેમના ટાઈમપાસ માટે એક નવું આકાશ ખૂલી ગયું છે, જ્યાં અસીમિત કમાણીની તકો છે. નિઃસંદેહ આ ટ્રેન્ડની શરૂઆત ઈન્ટરનેટના અભ્યુદય અને સસ્તા મોબાઈલ ઈન્ટરનેટ રૂપે તેના વિસ્તાર સાથે થઈ છે, જ્યાં લોકોને મનમાફક સમય, એકાંત અને બહુ ઓછા ભાવે ખાલી સમયમાં પોતાનાં મનોરંજનનાં સાધનો મળી ગયાં છે. ખાસ કરીને એ દોરમાં જ્યારે દુનિયા મહામારીના સકંજામાં ફસાયેલી હતી અને બીજા તમામ કારોબાર લગભગ અટકી ગયા હતા, ત્યારે ઓનલાઈન ગેમિંગ અને મનોરંજનનો લોકોને એવો ચસ્કો લાગ્યો કે આ ઉદ્યોગ નવા શીર્ષ પર પહોંચી ગયો.

માર્કેટ ડેટા સુપર ટ્રેકરના આકલન અનુસાર માર્ચ, ૨૦૨૦માં જ લોકોએ ડિજિટલ વીડિયો ગેમ રમવા અને તેને ડાઉનલોડ કરવામાં ૧૦ અબજ ડોલર ખર્ચ કરી નાખ્યા હતા. એવી જ હાલત ઓનલાઈન ગેમિંગ (પબજી વગેરે), કન્સોલ ગેમિંગ અને પર્સનલ કોમ્પ્યૂટર પર રમાતી ગેમ્સની રહી, કારણ કે લોકડાઉનની શરૂઆતમાં જ તેનો વ્યવસાય અબજો ડોલર સુધી વધી ગયો. સ્માર્ટફોન પર રમાતી ઓનલાઈન ગેમ્સ પર તો દુનિયામાં હવે દર વર્ષે અબજો ડોલરની હેરફેર થઈ રહી છે. આ રમતો ઉપરાંત ટાઈમપાસ ઈન્ડસ્ટ્રીમાં જે ચીજ પર સૌથી વધુ દાવ લગાવ્યો છે, તેમાં રમી, કાર્ડ ગેમ, પોતાની આઈપીએલ ટીમ બનાવવા અને કાર રેસિંગ જેવા ફ્રીમિયમ (ફ્રી પ્રીમિયમ) મોડલ પર ચાલનારી ગેમ્સ છે. એવી કેટલીય ગેમ્સ શરૂઆતમાં મફત ઉપલબ્ધ હોય છે, જ્યારે વધુ રોમાંચનો અહેસાસ કરનારા બે ટકા ખેલાડી ઉપલા સ્તરો માટે પ્રીમિયમની ચૂકવણી કરે છે. આ બે ટકાનો આંકડો પણ ઘણો આકર્ષક છે, કારણ કે આના જ જોરે ડ્રીમ-૧૧ જેવી કંપનીઓ અબજોનો કારોબાર કરે છે.

આ વાત આપણને ખરેખર હેરાન કરે છે કે આપણો ખાલી સમય છેલ્લા બે દાયકામાં ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર, સ્નેપચેટ, ટીકટોક જેવા ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ કે યુટ્યૂબથી ઘેરાઈ ચૂક્યો હતો. એવામાં ઓનલાઈન ગેમિંગ ગેમ્સ અને પછી હોટસ્ટાર, નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઈમ જેવા ઓટીટી મંચોને આપવા માટે વધુ સમય ક્યાંથી આવી ગયો? અસલમાં તેમાં એક ભૂમિકા આ મંચો દ્વારા આમ જનતાને થનારી કમાણીની પણ છે. થોડાં વર્ષ પહેલાં પ્રતિબંધિત કરવામાં આવેલ ચીની એપ ટિકટોક વિશે તથ્ય છે કે આપણા દેશમાં તેના ૨૦ કરોડ યુઝર હતા જે રોજિંદા તેના પર પોતાના વીડિયો મૂકીને કમાણી કરતા હતા. જોકે તેના બદલે આ ઈન્ટરનેટ કંપનીઓ હજારોગણો વધુ નફો કરતી હતી. જેમ ગૂગલ-ફેસબુક વગેરે મંચ આપણી માહિતી જાહેરાત કંપનીઓને વેચીને અબજો ડોલર ઉસેટે છે. બેશક આ ટાઈમપાસ ઈન્ડસ્ટ્રી ખુદ આપણી બદલાયેલી દિનચર્યાની દેન છે, આખરે તેનું એક ખતરનાક પાસું એ છે કે ‘અટેન્શન મર્ચન્ટ’ની ભૂમિકામાં અવતરિત થયેલી આ કંપનીઓએ આપણી દિનચર્યામાં પણ દખલ કરી છે. એક અર્થમાં હવે આપણે એક જીવતા-જાગતા માણસ ઓછા, પણ હાથમાં ઈન્ટરનેટથી સજ્જ સ્માર્ટફોનવાળી કઠપૂતળીઓ થઈ ગઈ છીએ, જેને આ કંપનીઓ જ્યારે ચાહે, પોતાના એક ઈશારે ગમે તેમ રમાડી શકે છે!

### બરાક ઓબામાએ નેતન્યાહૂને આપી ધમકી

# આ હરકતોથી થશે નુકસાન પૂર્વ પ્રેસિડેન્ટ બરાક ઓબામા



નવી દિલ્હી, તા.૨૫

છેલ્લા ૧૫ દિવસથી પણ વધુ સમયથી ચાલી રહેલા ઈઝરાયેલ અને હમાસના યુદ્ધના પડઘા સમગ્ર વિશ્વમાં વાગી રહ્યાં છે. હવે આ બધાની વચ્ચે યુદ્ધ પર અમેરિકાના પૂર્વ પ્રેસિડેન્ટ બરાક ઓબામાનું મોટું રિએક્શન સામે આવ્યુ છે. હમાસ-ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે ભૂતપૂર્વ યુએસ પ્રમુખ બરાક ઓબામાએ ઈઝરાયેલને ચેતવણી આપી છે અને સંયમ રાખવાની અપીલ કરી છે. તેમણે કહ્યું, "જો ઈઝરાયેલ યુદ્ધમાં ગાઝાના નાગરિકોના માનવતાવાદી પાસાને અવગણશે તો તેને પરિણામ ભોગવવું પડી શકે છે." ઓબામાએ કહ્યું, "જો ઈઝરાયેલ ગાઝા પર હુમલો કરવાનું ચાલુ રાખશે તો વૈશ્વિક સ્તરે તેનું સમર્થન નબળું પડશે, જેનો ઉપયોગ દુશ્મન દેશો પોતાના પક્ષમાં માહોલ તૈયાર કરવા માટે કરી શકે છે. દુનિયા અત્યારે ગંભીર ખતરા સામે ઉભા છે. પેલેસ્ટાઈનના ઉગ્રવાદી લડાઈ સંગઠન હમાસે ૭ ઓક્ટોબરે ઈઝરાયેલમાં ઘૂસીને નિર્દોષ નાગરિકોને મારવાનું શરૂ કર્યું. તે પહેલા લગભગ ૫૦૦૦ રૉકેટ છોડવામાં આવ્યા હતા અને સેંકડો ઈઝરાયલી નાગરિકોને બંધક બનાવીને યુદ્ધની જાહેરાત કરવામાં આવી હતી. આ પછી છેલ્લા ૧૫ દિવસથી ઈઝરાયેલ ગાઝા પટ્ટીમાં હમાસના સ્થાનો પર સતત હુમલો કરી રહ્યું છે. બીજીબાજુ હમાસના સમર્થનમાં લેબનાનના હિઝબુલ્લાહ આતંકવાદી સંગઠને પણ ઈઝરાયેલ પર રૉકેટ છોડ્યા છે છેલ્લા ૧૫ દિવસથી પણ વધુ સમયથી ચાલી રહેલા ઈઝરાયેલ અને હમાસના યુદ્ધના પડઘા સમગ્ર વિશ્વમાં વાગી રહ્યાં છે અને હમાસના સમર્થનમાં હુમલાથી આતંકવાદીઓએ પણ ઈઝરાયેલ પર હુમલા શરૂ કરી દીધા છે. જેના કારણે ત્રીજા વિશ્વયુદ્ધની સંભાવનાઓ વધી ગઈ છે. સાઉદી અરેબિયા અને ઈરાન જેવા કડવા પ્રતિસ્પર્ધી દેશો પણ આ મામલે પોતાની દુશ્મની ભૂલીને પેલેસ્ટાઈનની સાથે ઉભા છે અને ઈઝરાયલને ખરાબ નજર બતાવી રહ્યા છે. બીજીબાજુ અમેરિકા ઈઝરાયેલની સાથે ઊભું રહ્યું છે અને તેની કાર્યવાહીનું સમર્થન કર્યું છે. તેણે તેનો યુદ્ધ કાફલો પણ અરબી સમુદ્રમાં ઉતાર્યો છે. અમેરિકા અને નાટો દેશોમાંથી ઈઝરાયેલને શસ્ત્રોની સપ્લાય થવા લાગ્યા છે. વિશ્વના બે સૌથી શક્તિશાળી દેશોમાંનો એક અમેરિકા ઈઝરાયલની સાથે ઊભું છે, ત્યારે રશિયા યુદ્ધવિરામની માંગ કરી રહ્યું છે અને પેલેસ્ટાઈન પર હુમલા રોકવાની હિમાયત કરી રહ્યું છે. અમેરિકાએ રશિયાની તુલના હમાસ સાથે કરી છે અને બંનેને પ્રાદેશિક લોકશાહીનો નાશ કરનાર ગણાવ્યા છે. આવી સ્થિતિમાં વિશ્વભરના આ શક્તિશાળી દેશોના ગૃપે ફરી એકવાર ત્રીજા વિશ્વ યુદ્ધની સંભાવનાઓ વધારી દીધી છે.

# રાજ્યભરમાં નવરાત્રી દરમિયાન ૨૦ થી વધારે લોકોના હાર્ટ એટેકથી મોત



અમદાવાદ,તા.૨૫

રાજ્યભરમાં નવરાત્રી દરમિયાન હાર્ટ એટેકના કેસમાં સતત વધારો થયો છે. છેલ્લા ૧૦ દિવસમાં રાજ્યમાં ૨૦થી વધારે લોકોના હાર્ટ એટેકથી મોત થયા હોયા છે.તો અમદાવાદ શહેર અને રાજ્યમાં લોકો નવલી નોરતાની ઉજવણી કરી રહ્યા હતા. ત્યારે નવરાત્રીમાં ગરબાની તાલે રમતા ખેલૈયાઓમાં હાર્ટ એટેકની ઘટના સામે આવી છે.અને તેમાં પણ કોરોના બાદ નવરાત્રીની આટલી મોટી અને અદભુત ઉજવણી થતા ખેલૈયાઓને મોકો મળતા નવરાત્રીના ઉત્સવમાં મન મુકીને ગરબા રમી રહ્યા હતા. સ્વભાવિક છે કે લોકો કોરોનાની બાદ મન મૂકીને ગરબા રમ્યા હતા ત્યારે કેટલાક ઈમરજન્સી કેસ જોવા મળ્યા હતા.જ્યાં આ વર્ષે નવરાત્રી દરમિયાન ગત વર્ષ કરતા વધુ ઈમરજન્સી કેસ નોંધાયા હતા. ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા જે દર વર્ષે એનાલિસિસ કરવામાં આવે છે. તે પ્રમાણે આ વર્ષે ગત વર્ષની સરખામણીએ ગુજરાતમાં ૧૦ ટકા થી વધારે કેસ નોંધવામાં આવ્યા છે.જ્યારે અમદાવાદમાં ૧૮% થી વધુ કેસ નોંધાયા છે. ઈમરજન્સી કેસમાં શ્વાસ રોગ, હૃદય રોગ અને અકસ્માતના કેસ સૌથી વધુ નોંધાયા હતા છે. અને તેમાં પણ રાજ્યમાં હૃદયને લગતા કેસમાં ગત વર્ષની સરખામણીએ ૪૬ ટકા કેસમાં વધારો નોધાયો છે.

# ફ્રોઝન ફૂડ ખાવાથી અનેક જીવલેણ બીમારીઓ થઈ શકે છે




નવી દિલ્હી, તા.૨૫

લાંબા સમય સુધી અથવા વધુ માત્રામાં ફ્રોઝન ખોરાક લેવાથી ઘણા ખતરનાક રોગો થઈ શકે છે. આજકાલ લોકોની વ્યસ્ત લાઈફને કારણે ફ્રોઝન અને પેકેજડ ફૂડનું ચલણ વધ્યું છે. પરંતુ તેમાં ટ્રાન્સ ચરબી અને વધુ સોડિયમ હોય છે. જે આપણા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.

સંશોધનમાં જાણવા મળ્યું છે કે લાંબા સમય સુધી ફ્રોઝન ખોરાક ખાવાથી કેન્સરનું જોખમ વધી જાય છે. દરરોજ ફ્રોઝન મીટ ખાવાથી પેટના કેન્સર એટલે કે સ્વાદુપિંડનું કેન્સર થવાનું જોખમ વધી જાય છે. જ્યારે આપણે ફ્રોઝન ફૂડ ખાઈએ છીએ ત્યારે આ સ્ટાર્ચ શરીરમાં ગ્લુકોઝમાં રૂપાંતરિત થાય છે.

આ ગ્લુકોઝની વધુ પડતી બ્લડ સુગર લેવલ વધે છે. ફ્રોઝન ફૂડમાં કેલરી અને ચરબી વધારે હોય છે. તેનું સેવન કરવાથી વજન વધવાની સમસ્યા થઈ શકે છે. ફ્રોઝન ફૂડ ખાધા પછી, શરીરને ઝડપથી ભૂખ લાગે છે જેના કારણે વધારાની કેલરીનો વપરાશ થાય છે. તે સ્થૂળતા અને ઝડપી વજનનું કારણ બની શકે છે. આપણે ફ્રોઝન ફૂડનું સેવન મર્યાદિત માત્રામાં જ કરવું જોઈએ. ફ્રોઝન ફૂડમાં ટ્રાન્સ ફેટનું પ્રમાણ વધુ હોય છે જે કોલેસ્ટ્રોલનું સ્તર વધારે છે.

ટ્રાન્સ ફેટનું સેવન કરવાથી શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલ વધે છે અને સારા કોલેસ્ટ્રોલની માત્રા ઓછી થાય છે. ખરાબ કોલેસ્ટ્રોલ વધવાથી હૃદયની બીમારીઓ થઈ શકે છે. જેના કારણે ધમનીઓમાં ભીડ થાય છે અને હાર્ટ એટેકનો ખતરો વધી જાય છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે લાંબા સમય સુધી ફ્રોઝન ખોરાક ખાવાથી કેન્સરનું જોખમ વધી જાય છે આપણે ફ્રોઝન ફૂડનું સેવન મર્યાદિત માત્રામાં કરવું જોઈએ.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ઋણ સમાન કોઈ દુઃખ નથી.

- અજ્ઞાત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો સુદ-૧૧ પાશાકુંશા એકાદશી, ભરતમિલાપ, પંચક તા.૨૫ ઓક્ટોબર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૯, શત્તતારકા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૫૩, સૂ.અ.૬:૧૭

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), પરોઢે ૫:૫૮ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગૃહવિવાદના ભોગ બનવું પડે. ગુપ્ત ચિંતા સતાવે.
વૃષભ: કાર્યબોજમાં હળવાશ અનુભવાય. નવિન આયોજનોમાં સફળતા મળે.
મિથુન: ધંધા-વ્યવસાયિક કામમાં લાભ રહે. આવકમાં વૃધ્ધિ થાય.
કર્ક: માનસિક આનંદ-ઉત્સાહ વિશેષ રહે. નવિન મુલાકાત બર આવે.
સિંહ: વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. ધારેલા કાર્યો પૂર્ણ થાય.
કન્યા: અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. દાન-ધર્મ પાછળ ધન વ્યય થાય.
તુલા: પરણેલાઓને સાસરા પક્ષ તરફથી લાભ થાય. યશ, માન, કીર્તિમાં વધારો થાય.
વૃશ્ચિક: વિરોધીઓને પીછેહટ કરવી પડે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
ધન: વ્યર્થ દોડા-દોડી રહે. નવું સાહસ ન કરવું હિતાવહ.
મકર: માંગલિક કાર્યોનું આયોજન થાય. મિલન-મુલાકાતમાં સફળતા મળે.
કુંભ: આકસ્મીક ધન લાભ થાય. વાણીચાતુર્યથી કામ સફળ થાય.
મીન: વડીલ વર્ગ કે ઉપરી અધિકારી વર્ગથી લાભ મળે. નવિન યોજનાઓ પાર પડે.

# વિકિપીડિયાએ દરેકને ૨૫ રૂપિયા માંગવાની જરૂર નથી, તેણે ફક્ત એલોન મસ્કનું આ કામ કરવાનું રહેશે

(જી.એન.એસ)



નવીદિલ્હી,તા.૨૫

વિશ્વના સૌથી અમીર વ્યક્તિ એલોન મસ્ક અવારનવાર તેમના નિવેદનો માટે સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે. હવે તેણે ફ્રી ડિજીટલ જ્ઞાનકોશ ‘વિકિપીડિયા’ને ખાસ ઓફર આપી છે. જો આ ઓફર સ્વીકારવામાં આવે તો આ વેબસાઈટ ચલાવતા વિકિમીડિયા ફાઉન્ડેશનને સામાન્ય લોકો પાસેથી ૨૫ રૂપિયાનું દાન એકત્રિત કરવાની જરૂર રહેશે નહીં. જો કે આ માટે ઈલોન મસ્કે વિકિપીડિયા સમક્ષ એક વિચિત્ર શરત મૂકી છે.. વિકિમીડિયા ફાઉન્ડેશન વિશ્વભરના તેના વાચકો પાસેથી દાન એકત્ર કરે છે, જેથી વિકિપીડિયા જેવી સાઈટ સરળતાથી ચાલી શકે. વિકિમીડિયા ફાઉન્ડેશન કહે છે કે તે તેના જ્ઞાન પ્રોજેક્ટ્સને બાહ્ય અને કોર્પોરેટ દબાણોથી મુક્ત રાખવા માટે આવું કરે છે. ઉપરાંત, લોકોને આ સુવિધા મફતમાં મળતી રહે તેની ખાતરી કરવા માટે તે દાન એકત્રિત કરે છે. વિકિમીડિયા ફાઉન્ડેશન ઘણીવાર આ માટે ડોનેશન ડ્રાઈવ ચલાવે છે. ભારતમાં આ માટે લોકો પાસેથી ન્યૂનતમ ૨૫ રૂપિયાનું દાન માંગવામાં આવે છે.. એલોન મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘ઠ’ પર વિકિપીડિયાને ૧ બિલિયન ડોલર (લગભગ રૂ. ૮૩૦૦ કરોડ) આપવાની વાત કરી હતી. આ માટે તેણે વિકિપીડિયા સમક્ષ નામ બદલવાની શરત મૂકી છે. એલોન મસ્કએ કહ્યું, ’જો વિકિપીડિયા તેનું નામ બદલીને ’ડીકીપીડિયા’ કરશે, તો તે તેને ૧ બિલિયન ડોલર આપશે.’ એલોન મસ્કએ કહ્યું કે તે વિકિપીડિયા પર ઉપલબ્ધ માહિતીને સચોટ બનાવવા માટે આ કરશે. વિકિપીડિયાને ૧ અબજ ડોલરની ઓફર કરવાનું તેમનું નિવેદન તરત જ વાયરલ થયું. આ પછી એક યુઝરે લખ્યું, ’વિકિપીડિયા, તમે નામ બદલો, એલોન મસ્ક પાસેથી પૈસા એકત્રિત કરો, પછીથી તેને ફરીથી બદલો’.. ઈલોન મસ્કએ તરત જ આ અંગે પ્રતિક્રિયા આપી. તેણે કહ્યું કે વિકિપીડિયાએ ઓછામાં ઓછા એક વર્ષ માટે તેનું નામ બદલવું પડશે, તે તે વેબ ફૂલ નથી. ઈલોન મસ્ક અહીં અટક્યા ન હતા. તેણે આગળ લખ્યું કે જો વિકિપીડિયા ઈચ્છે તો તેના નામના પેજ પર ગાય અને ગોબરના ઈમોજી મૂકે. આ સાથે જ તેણે વિકિપીડિયાના હોમપેજનો સ્ક્રીનશોટ પણ પોસ્ટ કર્યો છે, જેના પર લખ્યું છે કે ’વિકિપીડિયા ઈઝ નોટ ફોર સેલ’. એલોન મસ્ક વિકિપીડિયાએ જંગી દાન એકત્રિત કરવા અંગે પ્રશ્નો ઉભા કર્યા છે.

### ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકના સચિવે વીઆરએસ લીધું

# આઈએએસ વી.કે પાંડિયન રાજકારણમાં જોડાય એવા સંકેત

**વિરોધ પક્ષોએ પાંડિયન પર રાજકીય લાભ મેળવવા માટે તેમના પદનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો**

ભૂવનેશ્વર, તા.૨૫

ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકના સચિવ વી.કે. પાંડિયનને સરકારી સેવામાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ (વીઆરએસ) લીધી છે. રાજ્યમાં સત્તારૂઢ બીજુ જનતા દળ (બીજેડી)ના સૂત્રોએ જણાવ્યું અનુસાર, તેઓ પાર્ટીમાં જોડાઈ શકે છે અને વિધાનસભા ચૂંટણી પહેલા તેમને મહત્વપૂર્ણ ભૂમિકા આપવામાં આવી શકે છે. રાજ્યમાં આવતા વર્ષની શરૂઆતમાં વિધાનસભાની ચૂંટણીઓ પ્રસ્તાવિત છે. આ ચૂંટણીમાં તેમને મહત્વની ભૂમિકા મળે તેવી અટકળો ચાલી રહી છે. મુખ્યમંત્રીના ખૂબ જ નજીકના સહયોગી ગણાતા પાંડિયન ઘણીવાર વિવાદોમાં પણ રહ્યા છે. વિરોધ પક્ષોએ પાંડિયન પર રાજકીય લાભ મેળવવા માટે તેમના પદનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. પાંડિયન ઓડિશા કેડરના ૨૦૦૦ બેચના આઈએએસ અધિકારી છે. ઓડિશા સરકારના વહીવટી વિભાગને લખેલા પત્રમાં, કેન્દ્રના કર્મચારી અને તાલીમ વિભાગે જણાવ્યું હતું કે, પાંડિયનની સ્વૈચ્છિક નિવૃત્તિ રાજ્ય સરકાર દ્વારા ભલામણ કરાયેલ નોટિસ અવધિમાં છૂટછાટ સાથે સ્વીકારવામાં આવી છે

# વાઘ બકરીના ડિરેક્ટર પરાગ દેસાઈ કોણ હતા ?, જેમના અકાળ અવસાન બાદ વેપારી સમુદાયમાં તેમને હંમેશા યાદ રખાશે



અમદાવાદ,તા.૨૫

રવિવારે અમદાવાદની હોસ્પિટલમાં સારવાર દરમ્યાન જાણીતી બ્રાન્ડ વાઘ બકરી ચાના ૪૯ વર્ષીય એક્ઝિક્યુટીવ ડિરેક્ટર પરાગ દેસાઈનું મોત થયું હતું. તેમને ગંભીર ઈજાની સારવાર માટે ૧૫મી ઓક્ટોબરના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને માથાના ભાગે એકથી વધુ ઈજા થઈ હતી. તેમની ઉપર બ્રેઈન સર્જરી પણ હાથ ધરવામાં આવી હતી. હોસ્પિટલમાં દાખલ કર્યા બાદથી તેમને આઈસીયુમાં રાખવામાં આવ્યા હતા. સોમવારે સવારે અમદાવાદના થલતેજના સ્મશાનમાં તેમની અંતિમવિધિ કરવામાં આવી હતી. તેઓ પોતાની પાછળ પત્ની વિદિશા, પુત્રી પરિશાને છોડી ગયા છે. પરાગ દેસાઈએ પોતાની બ્રાન્ડ વાઘ - બકરીનો બિઝનેસ વિસ્તાર્યો હતો. અને નવા નવા ટેસ્ટની ચા ઉમેરી હતી. તેઓ ઈન્ડ્રસ્ટ્રીઝ પ્લેટફોર્મ ઉપર પણ ઘણાં સક્રિય હતા. તેઓ કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડ્રસ્ટ્રીઝ સાથે પણ જોડાયેલા હતા. આ ઉપરાંત તેઓ આંતરરાષ્ટ્રી સંસ્થાઓ અને ચેરિટિ કામો સાથે પણ જોડાયેલા હતા. બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન અને જીવદયા ચેરિટેબલ ટ્રસ્ટ સાથે પણ હતા જે અમદાવાદમાં પશુ હોસ્પિટલ ચલાવે છે.

**પરાગ દેસાઈનું મોત : ૧૫મી ઓક્ટોબરે શું થયું હતું ?**

રવિવારે અમદાવાદની હોસ્પિટલમાં સારવાર દરમ્યાન જાણીતી બ્રાન્ડ વાઘ-બકરી ચાના ૪૯ વર્ષીય એક્ઝિક્યુટીવ ડિરેક્ટર પરાગ દેસાઈનું મોત થયું હતું. તેમને ગંભીર ઈજાની સારવાર માટે ૧૫મી ઓક્ટોબરના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યારે ૧૫મી ઓક્ટોબરે શું થયું હતું? તેની વિગતો અહીં જણાવવામાં આવી છે. ગત ૧૫ ઓક્ટોબરે વાઘ બકરી ચાના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર પરાગ દેસાઈ ઈસ્કોન-આંબલી રોડ ઉપર મોર્નિંગ વોક ઉપર નીકળ્યા હતા. દરમ્યાન રખડતા શ્વાન તેમની પાછળ પડ્યા હતા. તેમનાથી બચવા માટે ભાગતા સમયે પરાગ દેસાઈ પડી જતા તેમને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદ તેમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બાદ તેમને અન્ય હોસ્પિટલમાં સર્જરી માટે શિફ્ટ કરાયા હતા. જોકે વેન્ટીલેટર ઉપર ૨૨મી ઓક્ટોબરે સારવાર દરમ્યાન તેમનું મોત થયું હતું. આ ઘટના તેમના નિવાસ નજીક બની હતી. રવિવારે સાંજે સાત વાગ્યે તેમનું સારવાર દરમ્યાન નિધન થયું હતું. પરાગ દેસાઈ રાજેશ દેસાઈના પુત્ર છે. તેમના પરિવારના નજીકના સગાએ જણાવ્યું હતું કે, પરાગ દેસાઈને પ્રથમ અમદાવાદની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પણ તેમને બ્રેઈન હેમરેજ થયું હોવાથી સર્જરી માટે અમદાવાદની અન્ય એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## હીરા ઉદ્યોગ ગંભીર મંદીમાં સપડાયો

# સુરતના હીરાના કારખાનાઓમાં ૯ નવેમ્બરથી દિવાળી વેકેશન

સુરત, તા.૨૫

પોલિશડ ડાયમંડ એટલે કે તૈયાર હીરાની વૈશ્વિક મંદીમાં ડિમાન્ડ ઘટી જતાં સુરતનાં મોટાભાગના કારખાનેદારોએ ૯ નવેમ્બરથી દિવાળી વેકેશન જાહેર કરી દીધું છે. ડાયમંડ માઈનિંગ કંપનીઓની સાઈટ હોલ્ડરશીપ ધરાવનાર મોટી કંપનીઓએ ૯ થી ૨૭ નવેમ્બર સુધી વેકેશન રાખવા સાથે ૨૮ નવેમ્બરે કંપનીમાં ફરી કામકાજ શરૂ કરવાની જાહેરાત કરી છે. પણ જોબવર્ક ઉપર કામ કરતાં કારખાનેદારોને કામ મળે એમ નહીં હોવાથી તેમણે કારખાનું ખોલવાની તારીખ જાહેર નહીં કરી બધાને ચોંકાવી દીધા છે. નવરાત્રિનાં આગલા દિવસોથી સુરતનાં હીરા ઉદ્યોગમાં કામના કલાકો વધારી કારીગરોને ૧૪ થી ૧૬ કલાક કામ કરવાની છૂટ આપવામાં આવે છે, ત્યાં કામના કલાકો ઘટાડી સવારે ૯ થી સાંજે ૫ કરી દેવાયા છે. સુરતની મોટી કંપનીઓના છાતીના પાટિયા બેસી ગયા છે. દિવાળી વેકેશન પૂર્વે જ સપ્તાહમાં બે દિવસનો ઉત્પાદન કાપ મુક્વો પડ્યો છે, એટલું જ નહીં કારીગરોને દિવાળી વેકેશન ૨૧ દિવસને બદલે એક મહિના કે એ થી વધુ રહે એવી મોંઘમમાં વાત પણ કરી દીધી છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને વૈશ્વિક મંદી ચાલી રહી છે, ત્યાં હવે ઈઝરાયલ અને પેલેસ્ટાઇન, વચ્ચે યુદ્ધ શરૂ થતાં ચીન, અમેરિકા, યુરોપ પછી હવે મિડલ ઈસ્ટમાં દેશોમાં પણ વેપારને અસર થવાની ભીતિ સેવાઈ રહી છે. ડાયમંડ જ્વેલરીની માંગ ઘટી જતાં ડાયમંડ મેન્યુફેક્ચરિંગનાં હબ સુરતનો હીરા ઉદ્યોગ ગંભીર મંદીમાં સપડાયો છે. નાના હીરાના કારખાનેદારો પાસે પોતાનું અને જોબવર્કનું કામ રહ્યું નથી. તાજેતરમાં મુંબઈમાં ભારતના હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા ૫ સંગઠનોએ ૧૫ ઓક્ટોબર-૧૫ ડિસેમ્બર સુધી નેચરલ રફ ડાયમંડની આયાત સ્વૈચ્છીક રીતે બંધ કરવાની જાહેરાત કરતાં હીરા ઉદ્યોગમાં ખળભળાટ મચી ગયો છે. વિશ્વની



તમામ માઈનિંગ કંપનીઓને ઈમેલ મોકલી જાણ કરાઈ ભારતની ડાયમંડ કંપનીઓ લાંબો સમય નુકશાન વેઠી શકે નહીં, માટે સહયોગ કરો એવી જાણ કરવામાં આવી છે. બીજી તરફ આ નિર્ણયની જાણ રત્ન કલાકારોનાં સંગઠનો સુધી પહોંચતા તેમણે સવાલો ઊભા કર્યા છે. આ વખતે ૧૦ નવેમ્બરે કારખાના બંધ થશે અને ૧૫ ડિસેમ્બર પહેલા ઉઘડે એવી શક્યતા ઓછી છે. જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન વિપુલ શાહ, સુરત ડાયમંડ બુર્સના ચેરમેન વલ્લભભાઈ લાખાણી(પટેલ), ભારત ડાયમંડ બુર્સના પ્રમુખ અનૂપ મહેતા, મુંબઈ ડાયમંડ મર્ચન્ટ્સ એસોસિએશનનાં પ્રમુખ ભરત શાહ, અને સુરત ડાયમંડ એસોસિએશનનાં પ્રમુખ જગદીશ ખુંટએ સંયુક્ત રીતે બે પાનાંનો પત્ર લખી બે મહિના રફની ખરીદી નહીં કરવાની જાણ કરી છે. તૈયાર હીરા અને જ્વેલરીનું મુખ્ય બજાર ચીન, અમેરિકા અને યુરોપના દેશોમાં છે. અહી ડાયમંડ જ્વેલરીની માંગ ખૂબ ઘટી ગઈ છે. ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં જેમ એન્ડ જ્વેલરીનો વેપાર ૩૫% ઘટશે એવો અંદાજ મુક્યો છે.

# રાજ્યની પ્રિ-પ્રાયમરી સ્કૂલોના રજિસ્ટ્રેશનની કાર્યવાહી ઘોંચમા

## તમામ પ્રિ-પ્રાયમરી સ્કૂલોએ રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેવો નિર્ણય કરાયો હતો

અમદાવાદ,તા.૨૫

રાજ્યમાં આવેલી પ્રિ-પ્રાયમરી સ્કૂલોના રજિસ્ટ્રેશનની કાર્યવાહીમાં ઉદાસિનતા જોવા મળી રહી હોવાનું સામે આવ્યું છે. પ્રિ-પ્રાયમરી સ્કૂલોના રજિસ્ટ્રેશન માટે ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યા બાદ તેમાં ઢીલાશ જોવા મળી છે. રાજ્યમાં આવેલી ખાનગી પ્રિ-પ્રાયમરી સ્કૂલોની નોંધણી કરાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યાના છ માસ જેટલો સમય થયો છતાં હાલમાં રજિસ્ટ્રેશનની નક્કર કાર્યવાહી હાથ ધરવામાં આવી ન હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં આવેલી પ્રિ-પ્રાયમરી સ્કૂલો ઉપર લગામ કસવા માટે શિક્ષણ વિભાગ દ્વારા જાહેરાત કરાયા બાદ ૧૫ મેના રોજ સત્તાવાર ઠરાવ બહાર પાડવામાં આવ્યો હતો. આ ઠરાવ બહાર પાડવામાં આવ્યાને પણ છ માસ જેટલો સમય થવા આવ્યો છતાં પ્રિ-પ્રાયમરીના રજિસ્ટ્રેશન અંગેની કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી ન હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં ગેરકાયદેસર રીતે તથા મકાનોમાં અને કોમ્પ્લેક્ષમાં ચાલતી પ્રિ-પ્રાયમરી સ્કૂલો સામે કાર્યવાહી કરી શકાય તે માટે તમામ પ્રિ-પ્રાયમરી સ્કૂલોનું રજિસ્ટ્રેશન કરવાનું નક્કી કરાયું હતું. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧માં વિદ્યાર્થીઓના પ્રવેશની વયમર્યાદા ૫ વર્ષથી વધારીને ૬ વર્ષ કરવાનો નિર્ણય લેવાયો હતો અને તેનો અમલ જૂન-૨૦૨૩ના શૈક્ષણિક વર્ષથી પણ કરવાનું નક્કી કરાયું હતું. જો કે, આ નિર્ણયથી ૫ વર્ષ કરતા મોટા અને ૬ વર્ષ કરતા નાના વિદ્યાર્થીઓના પ્રવેશની સમસ્યા ન સર્જાય તે માટે બાલવાટિકા શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેને લઈને ૩૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ સરકારના શિક્ષણ વિભાગ, આદિજાતિ વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય તથા અધિકારીતા વિભાગના અધિકારીઓની બેઠક મળી હતી. જેમાં નવી શિક્ષણનિતીની અમલવારી માટે રચવામાં આવેલી ટાસ્ક ફોર્સના સભ્યોની બેઠક મળી હતી. આ બેઠકમાં ખાનગી સ્કૂલોમાં ચાલતી પ્રિ-પ્રાયમરી સ્કૂલોની પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી હેઠળ ફરજિયાત નોંધણી કરાવવાની રહેશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સિવાય પ્રિ-પ્રાયમરી, બાલવાટિકામાં પ્રવેશ લેતા બાળકોની નોંધણી પણ ફરજિયાત કરવામાં આવશે. ત્યારબાદ સરકાર દ્વારા ૧૫ મે, ૨૦૨૩ના રોજ ખાનગી પ્રિ-પ્રાયમરી શાળાઓના રેગ્યુલેશન પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા ૨૦ મેના રોજ તમામ જિલ્લાઓમાં પણ જરૂરી કાર્યવાહી કરવા માટે સુચના આપી હતી. જો કે, આ મુદ્દે રાજ્યમાં ચાલતી પ્રિ-પ્રાયમરી સ્કૂલોના રજિસ્ટ્રેશનની કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી ન હોવાનું સામે આવ્યું છે.

# રાજ્યમાં ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં પાંચ નવા વોકેશનલ વિષયનો સમાવેશ

અમદાવાદ, તા.૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૧ માર્ચ, ૨૦૨૪થી લેવામાં આવનારી ધોરણ-૧૦ની પરીક્ષામાં આ વખતે પાંચ નવા વોકેશનલ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગતવર્ષે ધોરણ-૧૦માં ૯ વોકેશનલ વિષયોની પરીક્ષા લેવામાં આવી હતી, પરંતુ આગામી પરીક્ષામાં ૧૪ વોકેશનલ વિષયોની પરીક્ષા લેવાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, સમગ્ર શિક્ષા અભિયાન (SSA) દ્વારા રાજ્યની સરકારી તથા RMSA શાળાઓમાં વોકેશનલ વિષય ભણાવવામાં આવે છે. ધોરણ-૧૦માં દ્વિતિય ભાષાની સામે વિદ્યાર્થીઓને વોકેશનલ વિષય વિકલ્પ તરીકે મળે છે. હાલમાં રાજ્યની ધો.૯થી ૧૨ની કુલ ૧૧૫૦ સ્કૂલોને વોકેશનલ વિષય ભણાવવાની મંજૂરી મળેલી છે. વોકેશનલ વિષય માટે બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષા ૮૦ ગુણની હોય છે, અને તેને ૩૦ ટકા ગુણમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ સિવાય સ્કૂલ દ્વારા ૨૦ માર્કનું ઈન્ટરનલ અને ૫૦ માર્કનું એક્સટર્નલ પ્રેક્ટિકલ લેવામાં આવે છે. ધોરણ-૧૦માં અત્યાર સુધી ૯ વિષયોની વોકેશનલ વિષયોની પરીક્ષા લેવામાં આવતી હતી. જેમાં હેલ્થકેર, બ્યુટી એન્ડ વેલનેશ, ટ્રાવેલ ટુરિઝમ, રિટેઈલ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ હાર્ડવેર, એગ્રીકલ્ચર, અપેરલ મેડ અપ એન્ડ હોમ ફર્નિશિંગ, ઓટોમેટિવ, ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી વિષયની પરીક્ષા લેવામાં આવતી હતી. પરંતુ હવે તેમાં વધુ પાંચ જેટલા વોકેશનલ વિષયોનો સમાવેશ કરવાનો નિર્ણય કરાયો છે. જેમાં બેકિંગ- ફાયનાન્સિયલ સર્વિસ એન્ડ ઈન્સ્યોરન્સ, ફુડ પ્રોસેસિંગ, આઈટી-આઈટીઈએસ, પ્લમ્બર, સ્પોર્ટસ-ફિઝીકલ એજ્યુકેશન ફિટનેસ એન્ડ લેઈઝર વિષયનો સમાવેશ થાય છે. પરીક્ષા પાસ કર્યા બાદ વિદ્યાર્થીઓને ભારત સરકારના કૌશલ્ય વિકાલ મંત્રાલયનું લેવલ-૨નું પ્રમાણપત્ર આપવામાં આવતું હોય છે. આ ઉપરાંત શિક્ષણ બોર્ડની પરીક્ષાની માર્કશીટમાં પણ તેનો ઉલ્લેખ કરવામાં આવતો હોય છે. દરવર્ષે બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ૧૦ની વોકેશનલ વિષયની પરીક્ષામાં ૮થી ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેતા હોય છે.

## રાજ્ય સરકાર દ્વારા લેવાયો નિર્ણય

# વિવિધ ખાતાના વડાની કચેરીઓમાં હવેથી નવા વાહન નહીં ખરીદાય

ગાંધીનગર, તા.૨૫

રાજ્ય સરકાર હસ્તકનાં તમામ ખાતાઓની વડી કચેરીઓ તેમજ જીલ્લા કચેરીઓએ અધિકારીઓ તેમજ કર્મચારીઓને સરકારી કામ અર્થે બહાર જવાનું થતું હોઈ તમામ અધિકારીઓ માટે સરકાર દ્વારા વાહનની ફાળવણી કરવામાં આવતી હોય છે. પરંતું સમય જતા અમુક વાહનો જૂના થઈ જતા તેનાં મેન્ટેનન્સનો ખર્ચ પણ વધી જતો હોય છે. જે તમામ બાબતોને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં સરકાર દ્વારા જીલ્લા કચેરીઓ તેમજ સરકાર હસ્તકનાં ખાતાનાં વડાની કચેરીઓમાં ફરજીયાત આઉટ સોર્સિંગથી વાહનો ભાડે મેળવાશે. જનતાનાં પૈસા બચાવવા માટે રાજ્ય સરકાર હવે કરકસરનો માર્ગ અપનાવ્યો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા હવે તમામ વિભાગોમાં આઉટ સોર્સિંગથી વાહનો ભાડે રાખવામાં આવશે. સરકાર હસ્તકનાં તમામ વિભાગોમાં સ્ટાફ કાર માટે હવે નવા વાહનની ખરીદી રાજ્ય સરકાર દ્વારા કરવામાં નહી આવે તેવો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર તેઓનાં હસ્તકનાં ખાતાનાં વડાની કચેરીઓ માટે ભાડે વાહન રાખશે. જૂનાં કંડમ વાહનો સામે નવા વાહનની ખરીદી કરવાને બદલે આઉટ સોર્સિંગથી વાહનો મેળવાશે. તેમજ વાહન રાખતા પહેલા દરેક વિભાગોએ વાહન માટે નાણાં વિભાગની પૂર્વ મંજૂરી મેળવવી પણ ફરજીયાત કરવામાં આવી છે.

# જાતિની વસ્તી ગણતરીની વધતી જતી રાષ્ટ્રીય માંગ એ ભારતમાં લોકશાહીને વધુ દ્રઢ બનાવવાનો પુરાવો છે


નવી દિલ્હી તા.૨૫

વર્તમાન સમયમાં આપણને સમાચાર પત્રો દ્વારા, ખાસ કરીને ચૂંટણી દરમ્યાન જાતિના આંકડાઓનું અનુમાન કરતા સમાચાર જોવા મળે છે. કાર્યકરો ઘણીવાર જાતિના આંકડાઓને સામાજિક વાસ્તવિકતા સાથે પ્રચાર કરે છે. વાસ્તવમાં દરેક રાજકીય પક્ષ જ્ઞાતિના રાજકીયકરણનું સંચાલન કરવા અને મતદારોને પ્રભાવિત કરી શકે તેવા સંસાધનો માટે સક્ષમ ઉમેદવારો ઉભા કરવા માટે જ્ઞાતિની રૂપરેખાઓ તપાસે છે. હવે આ વાસ્તવિક સંખ્યા પક્ષોને પ્રભાવિત કરતી સામાજિક ચળવળોના નિર્માણના સ્તરો અને તેમના રાજનીતિકરણની મધ્યસ્થતા નક્કી કરે છે. ભાજપ આ ચર્ચાને હિંદુત્વમાંથી જાતિવિરોધી તરફ લઈ જવાથી ચિંતિત છે. ઐતિહાસિક રીતે તેને સમાનતા અને સામાજિક ન્યાય ઉપર ભાર આપવાને કારણે જાતિ વિરોધી ચળવળોનો ખતરો જોવા મળ્યો હતો. રાજકીય હિંદુત્વ ઉચ્ચ જાતિઓની સર્વોપરિતાવાદી રાજનીતિ માટે અસમાનતા અને ક્રમાંકિત પદાનુક્રમના નવીકરણમાં માને છે. તે હંમેશા વિકૃતિ અને લોકોના વિચારોને વાળવા માટે સંઘર્ષ કરે છે. બુદ્ધથી લઈને ફૂલેથી લઈને આંબેડકર અને મંડલ સુધી આવું જ બન્યું છે.

આધુનિક સમયમાં જ્ઞાતિની વસ્તી ગણતરીનો પ્રતિકારનું મૂળ ૧૯મી સદીમાં છે જ્યારે બ્રિટિશ ભારતે ૧૮૭૨માં જાતિ ગણતરીની શરૂઆત કરી હતી. ખાસ કરીને ૧૮૯૧થી ૧૯૩૧માં જાતિની વસ્તી ગણતરીનો વિરોધ વધી રહ્યો હતો. વાસ્તવમાં તેણે આ સમયગાળા દરમ્યાન જ્ઞાતિ સંગઠનોના પ્રસારનું સર્જન કર્યું હતું. વાસ્તવમાં તેનાથી અનેક જાતિઓમાં નવી ચેતનાનો જન્મ થયો હતો અને તેઓએ ક્ષત્રિય દરજ્જા માટે દાવો કરવાનું શરૂ કર્યું હતું.જ એવું જોવામાં આવ્યું છે કે સ્વતંત્રતા ચળવળ, એક રીતે, જાતિના દાવાઓનો પ્રતિકાર કરવા માટે બ્રિટિશ ભારતની જાતિ વસ્તી ગણતરી માટે જવાબદાર છે. ભારતે ૧૯૫૧માં તેની પ્રથમ જાતિ વસ્તી ગણતરીમાં કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારે તેની દશવાર્ષિક વસ્તી ગણતરીમાં જાતિ ઉપરના ડેટાના સંગ્રહને સફળતાપૂર્વક દૂર કરી દીધો છે પરંતુ જીઝ અને ST અને ધાર્મિક વસ્તી ગણતરી ચાલુ રાખી છે. ભારતની ઉચ્ચ જાતિની આગેવાની હેઠળની નીતિઓના વિચારમાં આજ દિન સુધી આ જ વલણ ચાલુ રહ્યું છે.

જનતા દળની આગેવાની હેઠળની સરકારે ૧૯૯૭માં દશવાર્ષિક જાતિની વસ્તી ગણતરી કરવાનો નિર્ણય લીધો હતો. મુલાયમસિંહ યાદવ, શરદ યાદવ અને લાલુપ્રસાદ યાદવની આગેવાની હેઠળના સમાજવાદીઓએ ૨૦૦૧માં જાતિની વસ્તી ગણતરી માટે આગ્રહ કર્યો હતો. જો કે, વાજપેયીઅડવાણીની આગેવાનીવાળી ભાજપ સરકાર દ્વારા આ માંગને નકારી કાઢવામાં આવી હતી. ભાજપ ૨૦૧૧માં જાતિની વસ્તી ગણતરીની માંગમાં સમાજવાદીઓ સાથે જોડાયો હતો. કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર જાતિની વસ્તી ગણતરી કરવા માટે સંમત થઈ હતી અને એક સરકારી સંસ્થાને જાતિ સર્વેક્ષણ સોંપ્યું હતું. સરકાર પાસે જાતિના આંકડાઓ ઉપલબ્ધ હોવા છતાં, ભાજપ તેને જાહેર કરવા સંમત નથી. ૨૦૧૮માં ફરી એકવાર, ગૃહપ્રધાન, રાજનાથસિંહ દ્વારા ભાજપ સરકારે નિવેદન આપ્યું હતું કે તેઓ ૨૦૨૧માં જાતિ વસ્તી ગણતરી કરશે. સુપ્રીમ કોર્ટમાં મહારાષ્ટ્રમાં સરકારની આગેવાની હેઠળની સરકારને અદાલત દ્વારા જાતિની વસ્તી ગણતરી ઉપર પોતાનો અભિપ્રાય જણાવવા માટે કહેવામાં આવ્યું હતું. કોર્ટમાં આપેલા સોગંદનામામાં કેન્દ્ર સરકારે જણાવ્યું કે તેઓ જાતિની વસ્તી ગણતરીના વિરોધમાં છે. બિહારની જાતિ ગણતરી અને નીતીશકુમાર અને તેજસ્વીએ તેને સાર્વજનિક કરીને ભાજપ દ્વારા જાતિ ગણતરીની આસપાસ રચાયેલી કથાનો પર્દાફાશ કર્યો છે.

સમગ્ર રાષ્ટ્ર ખાસ કરીને ઓબીસી આ વાસ્તવિકતા જોઈને ઉત્સાહિત અને ખુશ છે અને કેન્દ્ર સરકારને તાત્કાલિક જાતિની વસ્તી ગણતરી હાથ ધરવાની માંગણી કરી રહ્યા છે. લગભગ તમામ રાજકીય પક્ષોએ રાષ્ટ્ર સમક્ષ આ તથ્યો મૂકવા બદલ તેની પ્રશંસા કરી હતી. ભાજપે આખી કવાયતને શંકાસ્પદ દલીલોથી ઢાંકી દેવાનો પ્રયાસ કર્યો હતો. તેઓ આજે પણ વિરોધ કરે છે અને તેને વિભાજનકારી કવાયત કહે છે. બિહારે ભારતીય જાતિની વાસ્તવિકતાને ઉઘાડી પાડીને સમાજના પછાતકરણ સામે લડવાનો માર્ગ મોકળો કર્યો છે. આજે સમગ્ર રાષ્ટ્ર જાતિની વસ્તી ગણતરી અને રાષ્ટ્રના લોકશાહીકરણમાં તેની સંભવિતતાની ચર્ચામાં વ્યસ્ત છે. બિહાર રાજ્ય વિકાસ આયોગ દ્વારા પ્રકાશિત જાતિ સર્વેક્ષણના પરિણામો જણાવે




છે કે રાજ્યની કુલ ૧૩.૦૭ કરોડની વસ્તીમાંથી હિંદુઓ ૮૨ ટકા અને મુસ્લિમો ૧૭.૭ ટકા છે. જો આપણે જાતિના આંકડાઓને વધુ અલગ પાડીએ તો, ૬૩ ટકા ઓબીસી, ૧૯.૬૫ ટકા એસસી અને ૧.૬૮ ટકા એસટી છે. જાતિ મુજબ વિભાજન યાદવોને ૧૪.૨૭ ટકા સાથે હિન્દુઓમાં સૌથી વધુ છે. ત્યારબાદ ધુષદ ૫.૩૧, ચમાર ૫.૨૫, કોઈરી ૪.૨, બ્રાહ્મણ ૩.૬૫, રાજપૂત ૩.૪૫, કુર્મી ૨.૮૭, બાનિયા ૨.૩૦, ભૂમિયાર ૨.૮૬, કાયસ્તા ૦.૬૦ વગેરે છે. ઓબીસી સત્તામાં લોકતાંત્રિક પ્રતિનિધિત્વની માંગ કરે છે. ભાજપની અંદર, ઉમા ભારતી જેવા ઓબીસી નેતા પણ ઉચ્ચ જાતિલક્ષી મહિલા અનામત સામે મોરચો ખોલવાની પહેલ કરી રહ્યા છે. તેવી જ રીતે ઓબીસી પ્રશ્ન હવે ફરી એકવાર ચર્ચામાં આવી રહ્યો છે અને તેને મંડલ-રતરીકે જોવામાં આવી રહ્યો છે. બિહાર જાતિનું સર્વેક્ષણ કરે છે, DMK સામાજિક ન્યાય માટે રાષ્ટ્રીય ચળવળનું આહવાન કરે છે, અખિલેશ યાદવ PDA (પછાત, દલિત, અલ્પાસંખ્યક-મુસ્લિમ)ની વ્યૂહરચના કરે છે અને રાહુલ ગાંધી OBC માટે પ્રમાણસર પ્રતિનિધિત્વનો પ્રસ્તાવ મૂકે છે. શિવસેના, એનસીપી અને સામ્યવાદીઓ જેવા અન્ય કેટલાક પક્ષો પણ જાતિ ગણતરીના આંદોલનમાં જોડાયા છે. જો કે કોંગ્રેસમાં કર્ણાટક પહેલાથી જ જાતિની વસ્તી ગણતરીનું સર્વેક્ષણ કરી ચૂક્યું છે પરંતુ તે હજુ સુધી ડેટા જાહેર કરવાનો બાકી છે. કોંગ્રેસ શાસિત અન્ય રાજ્યો બિહાર મોડલને અનુસરી શક્યા હોત. મ્ઈજીએ વિધાનસભામાં જાતિ ગણતરી માટે ઠરાવ પસાર કર્યો છે પરંતુ તે સામાજિક આર્થિક જાતિ સર્વેક્ષણ (સમગ્ર કુટુમ્બ સર્વે) ૨૦૧૫ ઉપર મૌન છે. તેલંગાણા BRS પાસે જાતિ સર્વેક્ષણ કરવા માંગ કરે છે. એવું લાગે છે કે ઝારખંડ અને ઓરિસ્સા સામાજિક-આર્થિક અને જ્ઞાતિની વસ્તી ગણતરી એકત્રિત કરી રહ્યા છે. જાતિની વસ્તી ગણતરી રાજ્યને આયોજન અને વિકાસ માટે નીતિ ઘડવામાં મદદ કરે છે. વાસ્તવમાં રાષ્ટ્રીય સ્તરે બે પછાત વર્ગ આયોગ, ૧૯૫૩-૫૫માં કાકા કાલેલકર અને ૧૯૭૯-૮૦માં બી પી મંડલે જાતિની વસ્તી ગણતરી માટે ભલામણ કરી છે. રોહિણીની આગેવાની હેઠળના ઓબીસી વર્ગીકરણ પંચે પણ તાજેતરના ભૂતકાળમાં કેન્દ્ર સરકારને જાતિની વસ્તી ગણતરી માટે માંગ કરી હતી પરંતુ ભાજપ જવાબ આપવામાં નિષ્ફળ ગયો હતો. બિહાર સરકાર દ્વારા શરૂ કરાયેલા સર્વેને રોકવા માટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પણ અરજીઓ થઈ હતી. પરંતુ અદાલતોએ તેમની અરજીઓને માન્યતા આપવાનો ઈન્કાર કર્યો હતો. વાસ્તવમાં તે બિહાર સરકારની પ્રતીતિ અને સંકલ્પ છે અને વિપક્ષના સમર્થનથી ભારત જાતિ વાસ્તવિકતાનું સાક્ષી બની શકે છે. જાતિની વસ્તી ગણતરીની વધતી જતી રાષ્ટ્રીય માંગ એ ભારતમાં લોકશાહીને વધુ દ્રઢ બનાવવાનો પુરાવો છે.

### સુપ્રીમ કોર્ટે સમલૈંગિક વિવાહ પર ચુકાદો આપ્યો

# સમલૈંગિક લગ્નના કેસમાં મારા અંતરઆત્માના અવાજના આધારે ચુકાદો આપ્યોઃ ચંદ્રચૂડ

## સીજેઆઈ અને જસ્ટિસ એસ. કે. કૌલ સમલૈંગિક સંબંધોને માન્યતા આપવાની તરફેણમાં હતા, ત્યારે બેન્ચના બાકીના ત્રણ ન્યાયાધીશોનો અલગ મત હતો

નવી દિલ્હી,તા.૨૫

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે સમલૈંગિક વિવાહ પર ચુકાદો આપ્યો હતો. જેમાં સુપ્રીમ દ્વારા સમલૈંગિક વિવાહને લઈ અસહમતી સાધવામાં આવી હતી. એવામાં આ મામલે ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઈ) ડીવાયચંદ્રચુડનું એક નિવેદન સામે આવ્યું છે. સીજેઆઈચંદ્રચુડે જ્યોર્જટાઉન યુનિવર્સિટી લો સેન્ટર, વોશિંગ્ટન ડીસી અને સોસાયટી ફોર ડેમોક્રેટિક રાઈટ્સ (એસડીઆર), નવી દિલ્હી દ્વારા બંધારણીય કાયદાની ચર્ચામાં આ વાત કહી હતી. આ કાર્યક્રમમાં, મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે, બંધારણીય મહત્વના મુદ્દાઓ પર આપવામાં આવેલા નિર્ણયો ઘણીવાર "અંતરાત્માનો અવાજ" હોય છે અને તે સમલૈંગિક લગ્નના કેસમાં તેમના લઘુમતી નિર્ણયને સમર્થન મળ્યું છે.

સમલૈંગિક વિવાહ પર વાત કરતા ડીવાયચંદ્રચુડે કહ્યું કે, કેટલાક નિર્ણયો તમારા અંતરાત્મા અને બંધારણનો મત હોય છે અને મેં જે કહ્યું તેના પર હું કાયમ છું. તેમના નિર્ણયને સમજાવતા, સીજેઆઈએ કહ્યું, "હું મારા નિર્ણય સાથે લઘુમતીમાં હતો જ્યાં હું માનતો હતો કે તે સમલિંગી યુગલો દત્તક લઈ શકે છે પરંતુ મારા ત્રણ સાથીઓએ આ નિર્ણયથી અસંમત હતા તેમના મુજબ સમલૈંગિક યુગલોને દત્તક લેવાની મંજૂરી ન આપવી એ ભેદભાવપૂર્ણ છે પરંતુ તે સંસદે નક્કી કરવાનું છે.

જ્યારે સીજેઆઈઅને જસ્ટિસ એસકે કૌલ સમલૈંગિક સંબંધોને માન્યતા આપવાની તરફેણમાં હતા, ત્યારે બેન્ચના બાકીના ત્રણ ન્યાયાધીશોનો અલગ મત હતો. સુપ્રીમ કોર્ટે ૧૭ ઓક્ટોબરે પોતાના નિર્ણયમાં દેશમાં સમલૈંગિક લગ્નને કાયદાકીય માન્યતા આપવાનો ઈકાર કરી દીધો હતો. પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે સર્વસંમતિથી નિર્ણય આપતા કહ્યું કે, લગ્ન એ મૂળભૂત અધિકાર નથી. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, સમલૈંગિક વિવાહના કાયદા સાથે સંબંધિત નિર્ણય સંસદ પર મૂકવામાં આવ્યો હતો.

# ઉનામાં ગાયત્રી માતાજીનાં મંદિર સંકુલમાં નવરાત્રીની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૫

ઉનામાં ગાયત્રી માતાજીના મંદિરના સંકુલમાં ગાયત્રી ગરબી મંડળ દ્વારા નવરાત્રિ ઉત્સવ ઉજવાય છે જેમાં ઊનાના નાના બાળકોએ ભારત માતા, ગાય માતા અને એસ.ટી. બસના ચાલકના વેશ ભુષા ધારણ કરી સલામત સવારી એસ.ટી. બસ અમારી, ગાય માતાની હત્યાં ના કરો ગાય માતાનું પૂજન કરો વગેરે સંદેશો બેનરથી લોકોને આપેલ અને નાના બાળકોના પ્રયાસોને ઊનાના ધારા સભ્ય કાળુભાઈ રાઠોડ, ગાયત્રી મંદિરના ટ્રસ્ટી રાજુભાઈ ડાભી, ઊના એસ.ટી. ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ અને નગર સેવક અલ્પેશભાઈ બાંભણિયાએ બિરદાવી અભિનંદન આપેલ હતા.

# ડ્રગ્સની સામે અમે અભિયાન નહીં, જંગ છેડી છે, કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો : હર્ષ સંઘવીનું મોટું નિવેદન

અમદાવાદ તા.૨૫

ગુજરાતમાંથી પકડતા ડ્રગ્સ અંગે ફરી એકવાર રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે ડ્રગ્સરૂપી રાવણને સળગાવવા માટે પોલીસે દશેરા સુધી રાહ જોઈ નથી. ગુજરાત પોલીસે માત્ર ગુજરાતની ધરતી પર જ નહીં પરંતુ દેશના અન્ય રાજ્યોના અનેક શહેરોમાંથી ડ્રગ્સરૂપી રાવણને પકડવાની અને સળગાવવાની કામગીરી કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે ડ્રગ્સની સામે અભિયાન નથી ચલાવતા, અમે એક જંગ છેડી દીધી છે. ડ્રગ્સને સંપૂર્ણરીતે સાફ કરીને જ આ જંગ બંધ કરીશું તેવી હું બધાને ખાતરી આપું છું. ડ્રગ્સ સામેની લડાઈમાં અમે જીત મેળવીને રહીશું. તો અસામાજિક તત્વોને પણ હર્ષ સંઘવીએ કાયદામાં રહેવાની ચેતવણી આપી છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં લોકોએ કાયદામાં જ રહેવું પડશે અને કાયદાની બોર્ડરને કોઈ ઓળંગશે તો જરૂરથી નુકસાન થશે. એટલે આ વર્ષે પણ હું કહું છું કે કાયદામાં રહેશે તો જ ફાયદામાં રહેશે. કાયદો તોડનાર દરેકને જ્યાં સુધી સજા ન થયા ત્યાં સુધી ગુજરાત પોલીસ તેની પાછળ જ રહેશે. ઉલ્લેખનીય છે કે, આજે દશેરાની દેશભરમાં ભવ્ય ઉજવણી થઈ રહી છે. દશેરાના પાવન દિવસે શસ્ત્ર પૂજનની પરંપરા છે. ત્યારે સુરત પોલીસ દ્વારા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહી સુરત પોલીસ કમિશનર સાથે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શસ્ત્રનું પૂજન કર્યું હતું. શસ્ત્ર પૂજન કર્યા બાદ હર્ષ સંઘવીએ રાજ્યમાંથી ઝડપાઈ રહેલા ડ્રગ્સને લઈને મહત્વનું નિવેદન આપ્યું હતું.

# સાળંગપુર ધામ ખાતે વિજયા દશમીના પર્વે શ્રી કષ્ટભંજનદેવ દાદાને ફુલોનો શણગાર કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર, તા.૨૫

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ અને શતામૃત મહોત્સવ સાળંગપુરધામના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ૧૭૫ શતામૃત મહોત્સવ એવં ભારતીય સંસ્કૃતિનો અનેરો મહોત્સવ 'મારા દાદા મારો ઉત્સવ'તા.૧૯થી ૨૨ નવેમ્બર ૨૦૨૩ દરમ્યાન ઉજવણીઅંતર્ગત સાળંગપુરધામ ખાતે ગઈકાલે વિજયાદશમીના પવિત્ર દિવસે તા.૨૪-૧૦-




૨૦૨૩ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ કલાકે શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફુલોનો દિવ્ય શણગાર ધરાવવામાં આવેલ હતો. શ્રી કષ્ટભંજનદેવ દાદાના મંદિર પરિસરથી વાજતે-ગાજતે ઉત્સવ સ્થળે.પહોંચી ધામોધામથી પધારેલ સંપ્રદાયના વરીષ્ઠ સંતો,ભક્તો અને ભૂદેવોની ઉપસ્થિતિમાં 'દાદા'ના જયઘોષ સાથે પૂજન ,અર્ચન તેમજ આશીર્વાદ દ્વારા સ્થાપન કરવામાં આવેલ. ૧૭૫ શતામૃત મહોત્સવના વિજયસ્તંભની ઉંચાઇ ૧૭૫ ફૂટ, ધ્વજની પહોળાઈ ૩૮ ફૂટ અને લંબાઈ ૫૮ ફૂટ રાખવામાં આવેલ. વિજયસ્તંભસ્થાપનમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી સંતોના આશીર્વાદ ગ્રહણ કરેલ.જેના દર્શન-આરતીનો લાભ હજારો હરિભક્તો લઈ ધન્યતા અનુભવી હતી.

# અદાણી ગ્રુપને ૮ કંપનીઓમાંથી ૯ મહિનામાં ૯.૪૨ લાખ કરોડ રૂપિયાનું નુકશાન થયું

નવીદિલ્હી,તા.૨૫

હિંડનબર્ગ રિસર્ચ રિપોર્ટ આવ્યાને નવ મહિના વીતી ગયા છે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે અદાણી ગ્રૂપનું વેલ્યુએશન ૮૫ ટકા ઘટશે. જૂથની એક કંપનીનું મૂલ્યાંકન સોમવારે ૮૫ ટકા ઘટી ગયું હતું અને હિંડનબર્ગ રિસર્ચની આગાહી સાચી પડી હોય તેવું લાગી રહ્યું હતું. જો કે, આ ૯ મહિનામાં, અદાણી જૂથની બે કંપનીઓ એવી હતી જે સંપૂર્ણ રીતે રિકવર થઈને ૨૪ જાન્યુઆરી ૨૦૨૩ના સ્તરે આવી ગઈ છે. પરંતુ જો ૮ કંપનીઓના વેલ્યુએશનની વાત કરીએ તો તેઓ હજુ પણ ભારે ખોટમાં છે. આંકડા દર્શાવે છે કે કેવી રીતે અદાણી ગ્રુપને આ ૮ કંપનીઓમાંથી રૂા.૯.૪૨ લાખ કરોડનું નુકસાન થયું છે. બે કંપનીઓ એવી છે કે જેમના શેર ૭૦ ટકાથી વધુ તૂટ્યા છે. તે સંજોગો પરથી સમજી શકાય છે કે ૯ મહિના પછી પણ કંપનીઓની હાલત ખૂબ જ ખરાબ છે. ચાલો ડેટા પરથી સમજવાનો પ્રયત્ન કરીએ કે ૯ મહિનામાં અદાણીની ૮ કંપનીઓની શું હાલત છે?.. માત્ર અદાણી ટોટલ જ નહીં પરંતુ અદાણી ટ્રાન્સમિશન પણ અત્યંત ખરાબ હાલતમાં છે. ૨૪ ફેબ્રુઆરીથી કંપનીના શેરમાં ૭૩ ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો છે. સોમવારે પણ કંપનીના શેરમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો અને તે ૭૩૪ રૂપિયાના નીચલા સ્તરે પહોંચી ગયો હતો. તે જ સમયે, અદાણી એન્ટરપ્રાઈઝના શેર પણ ૯ મહિનામાં ૩૩ ટકાથી વધુ ઘટ્યા છે. અદાણી ગ્રીનના શેર પણ ૫૪ ટકાથી વધુ તૂટ્યા છે. અદાણી વિલ્મરના શેરમાં પણ ૯ મહિનામાં ૪૪ ટકાથી વધુનો ઘટાડો થયો છે. સિમેન્ટ કંપનીઓની પણ હાલત ખરાબ છે. ૯ મહિનામાં કંપનીઓના શેરમાં ૧૮ થી ૨૦ ટકાનો ઘટાડો થયો છે. દ્વહ્ણફના શેરમાં પણ ૨૦ ટકાનો ઘટાડો થયો છે... બીજી તરફ, અદાણી પોર્ટ એન્ડ સેઝ અને અદાણી પાવરના શેરે ૯ મહિનામાં હકારાત્મક પરિણામો દર્શાવ્યા છે. બંને કંપનીઓના શેર ૨૪ ફેબ્રુઆરીના સ્તરથી સાધારણ વધ્યા છે. જ્યાં ઘટાડા બાદ પણ અદાણી પોર્ટનો શેર રૂ.૭૬૬.૨૦ના નીચલા સ્તરે ગયો હતો. જ્યારે ૨૪ ફેબ્રુઆરીએ કંપનીના શેર રૂા.૭૬૦.૮૫ પર બંધ થયા હતા. તે જ સમયે, અદાણી પાવરના શેરમાં ૯ મહિનામાં ઓછામાં ઓછો ૧૪ ટકાનો વધારો જોવા મળ્યો છે. ૨૪ ફેબ્રુઆરીએ કંપનીના શેર રૂ.૨૭૪.૮૦પર બંધ થયા હતા અને સોમવારે કંપનીના શેર રૂ.૩૧૪.૦૫ના દિવસના નીચલા સ્તરે પહોંચ્યા હતા.. અદાણી પાવર અને અદાણી પોર્ટનો ડેટા ઉમેરવામાં ન આવે તો પણ અદાણી ગ્રુપને માત્ર ૮ કંપનીઓમાંથી રૂ.૯.૪૨ લાખ કરોડનું નુકસાન થયું છે. ૨૪ ફેબ્રુઆરીએ આ ૮ કંપનીઓનું સંયુક્ત માર્કેટ કેપ રૂ. ૧૬,૪૮,૦૪૮.૭૪ કરોડ હતું. જે ઘટીને રૂા.૭,૦૫,૫૩૬.૨૮ કરોડ થઈ ગયો છે. મતલબ કે આ ૯ મહિનામાં આ આઠ કંપનીઓના માર્કેટમાં રૂા.૯,૪૨,૫૧૨.૪૬ કરોડનો ઘટાડો થયો છે. અદાણી ટોટલ ગેસની સંપત્તિમાં રૂ. ૩.૬૪ લાખ કરોડનો ઘટાડો થયો છે. અદાણી ટ્રાન્સમિશનના માર્કેટ કેપમાં રૂા. ૨,૨૫,૫૬૯.૪૧ કરોડનો ઘટાડો થયો છે. અદાણી એન્ટરપ્રાઈઝિસના એમ કેપમાં રૂા.૧,૨૮,૭૦૮.૪૨ કરોડનો ઘટાડો થયો છે. નીચે આપેલા કોષ્ટકમાં, તમે સ્પષ્ટપણે જોઈ શકો છો કે ૯ મહિનામાં આઠ કંપનીઓની સ્થિતિમાં કેટલો ઘટાડો જોવા મળ્યો છે.. બીજી તરફ રોકાણકારોએ અદાણી પોર્ટ અને અદાણી પાવરના શેરમાં વધુ વિશ્વાસ દર્શાવ્યો છે. જેના કારણે બંને કંપનીઓના શેર ૯ મહિનાની ટોચે પહોંચી ગયા છે. જેના કારણે બંને કંપનીઓના માર્કઅપમાં વધારો થયો છે. અદાણી પાવરનું માર્કેટ





કેપ ૨૪ ફેબ્રુઆરીએ રૂા.૧,૦૫,૯૮૮.૬૮ કરોડ હતું. જ્યારે સોમવારે જ્યારે કંપનીના શેર નીચા સ્તરે આવી ગયા ત્યારે અદાણી પાવરનું માર્કેટ કેપ રૂા.૧,૨૧,૧૨૭.૧૬ કરોડ રહ્યું હતું. આનો અર્થ એ થયો કે સોમવારે કંપનીનું માર્કેટ કેપ રૂા.૧૫,૧૩૮.૪૮ કરોડ વધીને ૯ મહિના પછી દિવસના નીચલા સ્તરે હતું. છેલ્લા ૯ મહિનામાં અદાણી પોર્ટમાં થોડો વધારો જોવા મળ્યો છે. ૨૪ ફેબ્રુઆરીના માર્કેટ કેપની સરખામણીમાં અદાણી પોર્ટના માર્કેટ કેપમાં ઓછામાં ઓછો રૂા. ૧,૧૫૫.૬૮ કરોડનો વધારો થયો છે.

# એટલાન્ટાના વિભાગ સાધનોની અછતને દૂર કરવા ૩ ફાયર સ્ટેશન બંધ કરી દેવાયા

નવીદિલ્હી,તા.૨૫

સોમવારે એટલાન્ટા (**Atlanta**) ફાયર ચીફ રોડરિક સ્મિથે જણાવ્યું હતું કે સાધનો અને સ્ટાફની અછતને કારણે તેમને અસ્થાયી રૂપે ત્રણ ફાયર સ્ટેશન બંધ કરવાની ફરજ પડી હતી. ચીફ સ્મિથે કહ્યું, "વાસ્તવિકતા એ છે કે આપણે અત્યારે ગંભીર પરિસ્થિતિમાં નથી. પરંતુ અમારો અનામત કાફલો, જે કોઈપણ કાફલાનો મુખ્ય ભાગ છે, કટોકટીમાં છે, અને અમે તેને બદલવા માટે કામ કરી રહ્યા છીએ." અસ્થાયી રૂપે બંધ કરાયેલા ત્રણ સ્ટેશનો દક્ષિણપશ્ચિમ એટલાન્ટામાં ક્લેવલેન્ડ એવન્યુ પર સ્ટેશન નંબર ૩૦, ઉત્તર પશ્ચિમ એટલાન્ટામાં હોલીવુડ રોડ પર સ્ટેશન નંબર ૨૨ અને ઉત્તર પશ્ચિમ એટલાન્ટામાં હોવેલ મિલ રોડ પર સ્ટેશન નંબર ૨૩ છે. સિટી કાઉન્સિલના સભ્ય ડસ્ટિન હિલિસને એટલાન્ટાના ફાયર ફ્લીટની લાક્ષણિકતા અંગે વધુ ચિંતા હતી. "એએફઆરડી કાફલો જર્જરિત સ્થિતિમાં છે. અમારી પાસે આમાંથી કોઈપણ મુદ્દાને પહોંચી વળવા માટે અનામત નથી અને ટ્રકો બંધ છે. તેથી હું એટલાન્ટિસ અમારા મુલાકાતીઓ, અમારા નાગરિકોની સલામતી વિશે ખૂબ જ ચિંતિત છું અને તે ખરેખર મને રાત્રે જાગી રાખે છે.. હિલિસે સોમવારે એટલાન્ટા ન્યૂઝ ફર્સ્ટ સાથેની એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, "મને એવી પરિસ્થિતિઓ વિશે ખરાબ સપના આવે છે કે જ્યાં લોકોના જીવ બચાવવા માટે કોઈ ફાયર ટ્રક અથવા ફાયર એન્જિન ન આવે." હિલિસ એટલાન્ટા ફાયરના કાફલામાં વધુ એન્જિન અને ટ્રક ઉમેરવાના પ્રયાસનું નેતૃત્વ કરી રહ્યા છે. ચીફ સ્મિથે એટલાન્ટા ન્યૂઝ ફર્સ્ટને જણાવ્યું હતું કે સ્ટેશન બંધ લાંબા ગાળા માટે રહેશે નહીં અને વિભાગ સાધનોની અછતને દૂર કરવા માટે વિવિધ સ્ટેશનો બંધ કરી રહી છે. તેમને કહ્યું કે, જ્યારે અમે સ્ટેશનો અસ્થાયી રૂપે બંધ કરીએ છીએ, ત્યારે અમે પ્રયાસ કરીએ છીએ અને ખાતરી કરીએ છીએ કે વિસ્તારો સંલગ્ન ન હોય. તેથી તમારી પાસે એકબીજાની બાજુમાં બે સ્ટેશન નથી જે સેવામાં નથી. તે એક સર્વોચ્ચ પ્રતિસાદ છે પરંતુ અમે સુનિશ્ચિત કરીએ છીએ કે અમે નાગરિકોની જરૂરિયાતોને સમયસર સંબોધીએ છીએ.. સોમવાર સુધીમાં ચીફ સ્મિથે અહેવાલ આપ્યો હતો કે યાંત્રિક સમસ્યાઓના કારણે આઠ ફાયર એન્જિન અને નવ સીડીની ટ્રકો નીચે પડી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો આ સ્ટેશનોમાંથી કોઈ એક નજીક ઘરમાં આગ લાગી હોય, તો જનતાને વિશ્વાસ હોવો જોઈએ કે એન્જિન હજુ પણ આગને કાબૂમાં લઈ શકશે. તે લગભગ ટોળાની અસર જેવું છે. તેઓ હજુ પણ આવી રહ્યા છે, તેમણે કાઉન્સિલની જાહેર સુરક્ષા સમિતિની બેઠક દરમિયાન જણાવ્યું હતું. સાધનોની અછતને પહોંચી વળવા માટે, હિલિસ અને એટલાન્ટા સિટી કાઉન્સિલ ૧૨ એન્જિન, પમ્પર્સ, બે ટ્રક-સંચાલિત એરિયલ ફાયર ટ્રક, એક નવા ટાવર, પ્લેટફોર્મ ટ્રક અને ત્રણ બટાલિયન, ડિવિઝન મુખ્ય વાહનો માટે ૧૬.૪ ડોલરના રોકાણનો પ્રસ્તાવ કરી રહ્યા છે. ચીફ સ્મિથે કહ્યું, "ધ્યેય આક્રમક રીતે શક્ય તેટલા સાધનોનો ઓર્ડર આપવાનો છે, પરંતુ અમારે ભંડોળની ગણતરી કરવી પડશે.".. બુધવારે કાઉન્સિલની ફાઈનાન્સ એક્ઝિક્યુટિવ કમિટિ સમક્ષ રજૂ કરવામાં આવનાર ઠરાવમાં કાઉન્સિલના તમામ પંદર સભ્યોને પ્રાયોજકો તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. જો તે સમિતિમાંથી પસાર થાય છે, તો તે સોમવારે પૂર્ણ કાઉન્સિલના મતદાન પહેલાં જશે. ચીફ સ્મિથે એટલાન્ટા ન્યૂઝ ફર્સ્ટને જણાવ્યું હતું કે કાઉન્સિલની દરખાસ્ત સિવાય, વિભાગ ૧૧ ફાયર વાહનોની રાહ જોઈ રહ્યો છે જે ઉત્પાદનમાં વિલંબને કારણે બેક-ઓર્ડર પર છે. "મુખ્ય ઉત્પાદકો, અત્યારે સપ્લાય ચેઈન સમસ્યાઓના કારણે ખરીદી ઓર્ડર પ્રાપ્ત કરવાના બિંદુથી ૩૬ મહિનાની ડિલિવરી તારીખનો અંદાજ લગાવી રહ્યા છે.

### સાઉથ ચાઈના સીમાં ચીનની બીજા દેશો પર દાદાગીરી યથાવત

# ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડના જહાજ-સપ્લાય બોટને ચીનના જહાજોએ ટક્કર મારી

## ચીનના કોસ્ટ ગાર્ડના જહાજે આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરીને જાણી જોઈને સપ્લાય બોટ અને કોસ્ટગાર્ડના જહાજને ટકકર મારી હોવાનો ફિલિપાઈન્સનો દાવો

મનિલા, તા.૨૫

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે તો યુધ્ધ ચાલી જ રહ્યુ છે અને દુનિયાના બીજા હિસ્સામાં એટલે કે સાઉથ ચાઈના સીમાં ચીનની બીજા દેશો પર દાદાગીરી યથાવત છે.

સાઉથ ચાઈના સીમાં આવેલા સેકન્ડ થોમસ શોલ નામના ટાપુ પાસે ચીનના કોસ્ટ ગાર્ડના જહાજે ફિલિપાઈન્સની એક સપ્લાય બોટને ટક્કર મારી હોવાનો દાવો ફિલિપાઈન્સના સંરક્ષણ સચિવે કર્યો છે. તેમનુ કહેવુ હતુ કે, ચીનના કોસ્ટ ગાર્ડ તેમજ મેરિટાઈમ મિલિશિયા જહાજે આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરીને જાણી જોઈને અમારી સપ્લાય બોટ અને કોસ્ટગાર્ડના જહાજને ટકકર મારી હતી.

ફિલિપાઈન્સની સરકારે આ ઘટના બાદ ચીનના રાજદૂત હુંઆંગ જિલિયાનને બોલાવીને ચીનની હરકતની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.

ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડના કોમોડોર જે તારિએલાએ કહ્યુ હતુ કે, ચીનના કોસ્ટગાર્ડના પાંચ જહાજો તેમજ નૌસેનાના બે જહાજોએ ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડના બે જહાજો અને બે સપ્લાય બોટને રોકી દીધી હતી અને આ દરમિયાન એક શિપ અને એક સપ્લાય બોટને ચીનના જહાજોએ ટક્કર મારી હતી.

જોકે ચીને ફિલિપાઈન્સના આક્ષેપોનને ફગાવી દીધા છે અને કહ્યુ છે કે, ફિલિપાઈનાસના જહાજો માછલી પકરડી રહેલા ચીની જહાજો સાથે અથડાયા હતા. ઉલટાનુ અમે ફિલિપાઈન્સના જહાજોની ઘૂસણખોરી સામે આકરો વિરોધ નોંધાવ્યો છે.

આ ઝઘડામાં અમેરિકા પણ કુદયુ છે.અમેરિકાએ કહ્યુ છે કે સાઉથ ચાઈના સીમાં ક્યાંય ફિલિપાઈન્સની સેના, જહાજ કે વિમાનો પર સશસ્ત્ર હુમલો થશે તો ૧૯૫૧માં થયેલી સંધિ પ્રમાણે અમેરિકા ફિલિપાઈન્સને મદદ કરશે. ચીનની ગેરકાયદે કાર્યવાહીઓ સામે અમેરિકા ફિલિપાઈન્સ સાથે ઉભુ છે.

# છોડવડી જુથ સેવા સહકારી મંડળીના મંત્રી, પ્રમુખ અને જે તે વખતના જીલ્લા સહકારી બેંક જૂનાગઢના ભેંસાણ શાખાના મેનેજરે મીલીભગતથી રૂા.૬,૨૧,૧૦,૨૫૫ની ઉચાપત કર્યાની પોલીસ ફરિયાદ : ચકચાર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જીલ્લા સહકારી બેંકના મંત્રી, પ્રમુખ અને ભેંસાણ શાખાના મેનેજરે મીલીભગત કરી અને રૂા.૬,૨૧,૧૦,૨૫૫ની ઉચાપત કર્યાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાતા સનસનાટી મચી જવા પામી છે. આ બનાવ અંગે અક્ષરધામ સોસાયટી ભેંસાણ ખાતે રહેતા સચીનભાઈ કપીલભાઈ મહેતા(ઉ.વ.૨૬)એ નરેશભાઈ સંજુભાઈ ગોંડલીયા રહે.છોડવડી, વિઠ્ઠલભાઈ ડાયાભાઈ પાઘડાર રહે.છોડવડી તેમજ રમેશભાઈ ડાયાભાઈ રામાણી રહે.અર્થ દિપાલી પાર્ક-૦૨, દર્શન બંગલો, બ્લોક નં-૦૯, રણછોડનગર પાછળ, જૂનાગઢ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, તા.૧-૪-૨૦૨૨થી આજ દિવસ સુધીમાં બનેલા બનાવમાં આ કામના આરોપી નં-૧ છોડવડી જુથ સેવા સહકારી મંડળી લી.ના મંત્રી અને આરોપી નં-૨ પ્રમુખ અને આરોપી નં-૩ જે તે વખતના જૂનાગઢીલ્લા સહકારી બેંક જૂનાગઢના ભેંસાણ શાખાના મેનેજરનાઓએ એકબીજા સાથે મળીને ફરિયાદીની બેંક પાસેથી લીધેલ ધીરાણ અન્વયે કુલ ૫૩ ખેડૂત સભાસદોના મળવા પાત્ર ધીરાણથી વધારે ધીરાણ આપી ૫,૯૬,૧૩,૧૦૦ની તેમજ ૧૨ સભાસદ ખેડૂતોના શાખ પત્ર મંજુર થયેલ ન હોવા છતાં અપ્રમાણીક ઈરાદાથી રૂા.૨૩,૮૭,૦૦૦નુ ગેરકાયદેસર રીતે શાખ મંજુર કરી ધીરાણ ઉપાડી આરોપી નં-૧ તથા ૨નાઓએ તા.૩૦-૬-૨૦૨૩ના સરવૈયામાં હાથ ઉપરની સિલક રૂા.૪,૪૯,૩૬,૦૭૦ દર્શાવીને તથા તા.૧૫-૭-૨૦૨૩ના સરવૈયામાં હાથ ઉપરથી સિલક રૂા.૩,૫૯,૫૩,૦૭૦ દર્શાવીને તથા તા.૧૬-૯-૨૦૨૩ના સરવૈયા-તારીજમાં હાથ ઉપરથી સિલક રૂા.૧,૧૦,૧૫૫ બતાવીને મંડળીના ખોટા હિસાબો બનાવેલ છે તથા સાચા હિસાબો તરીકે બેંક સમક્ષ રજુ કરીને આરોપીઓએ ખોટા દસ્તાવેજ બનાવેલ છે. આમ આ કામના આરોપીઓએ કુલ રૂા.૬,૨૧,૧૦,૨૫૫ની નાંણાકીય ગેરરીતી આચરી યોગ્ય હિસાબો નહી નિભાવી પોતાના લાભ માટે ખોટા ધીરાણો જાણીબુજી મંજુરી કરી તેમજ શ્રી છોડવડી જુથ સેવા સહકારી મંડળી લી.ના ચોપડા, કાગળ, જામીનગીરી સાથે ચેડા કરી તેમાં ફેરફાર કરી અને તેમને છુપાવી કુલ રૂા.૬,૨૧,૧૦,૨૫૫ જેવી માતબર રકમની ઉચાપત કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ કલમ ૪૦૬, ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭(ક), ૧૪૪, ૩૪ તેમજ ગુજરાત સહકારી ધારાની કલમ ૧૪૭(૧)( આઈ) (જે) (એ)(એલ) (એમ)(આર) (એસ), ૧૪૮ મુજબ ગુનો દખાલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ ભેંસાણ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

# નિવૃત્ત પોલીસ કર્મી પરિવારે ઘરમાં ઘૂસી મહિલા વકીલને માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢનાં ખામધ્રોળ રોડ વિસ્તારમાં રહેતાં મહિલા વકીલના ઘરમાં ઘૂસીને નિવૃત પોલીસ કર્મી અને તેના પરિવારનાં ૬ સભ્યોએ માર મારી, ધમકી આપી, કારને નુકશાન પહોચાડી પોલીસ સાથે પણ માથાકુટ કરી હંગામો મચાવ્યો હતો. આ બનાવને લઈ તાલુકા પોલીસે કાર્યવાહી કરીને વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવની વિગતો એવી છે કે જૂનાગઢમાં ખામધ્રોળ રોડ વિસ્તારમાં કોલેજ સામે રહેતા વકીલાતનો વ્યવસાય કરતા હીનાબેન નાગદાનભાઈ વિરડા(ઉ.વ.૩૯) સોમવારની રાત્રે તેમના ઘરે હતા ત્યારે તેમની પાડોશમાં રહેતા નિવૃત પોલીસ કર્મચારી નાનજીભાઈ ચાવડાનો પુત્ર કરણની પત્ની કિરણએ તેમના ઘરે આવીને તેને પતિ કરણ મારૂ તો હોવાનું જણાવતા હીનાબેને ૧૦૦ નંબરમાં ફોન કરીને તેણીને બેસાડી હતી. ત્યાં કેમ પતિ કરણે મકાનની અગાસીમાંથી ઘરમાં પ્રવેશી કિરણબેન અને હીનાબેનને માર માર્યો હતો. આ દરમ્યાન કરણની બહેને આવીને મહિલાના હાથમાંથી મોબાઈલ લઈને તોડી નાખ્યો હતો. આ પછી તેનો બનેવી રાજેશે પણ આવીને અપશબ્દો કહ્યા હતા. આ દરમ્યાન એક મહિલા પીએસઆઈ સહિતના પોલીસ સ્ટાફે આવીને કરણને પકડવા જતા પોલીસ સાથે પણ માથાકુટ કરી હતી અને મહિલા પીએસઆઈને ઢીકાપાટુનો માર માર્યો હતો. જોકે પોલીસ કરણને પકડીને લઈ ગઈ હતી. આ દરમ્યાન નિવૃત્ત પોલીસ કર્મી નાનજીભાઈ ચાવડા તથા તેની પત્ની રૂક્ષ્મણીબેન, પુત્ર સુનીલ અને સુનીલની પત્ની સોનલ અને પુત્રી રૂપલ અને રૂપલના પતિ રાજેશે આવીને ગાળાગાળી કરી અને તે કિરણને તારા ઘરે શું કામ આવા દીધી, હવે તું તારો સામાન ભરી મકાન ખાલી કરી જતી રહેજે તેમ કહી નહિતર તને જાનથી મારી નાખશું એવી ધમકી આપીને સુનિલે પથ્થર વડે હીનાબેનની કારને નુકસાન પહોંચાડયું હતું. આ બનાવ અંગે મહિલા એડવોકેટે ફરિયાદ નોંધાવતા નિવૃત્ પોલીસ કર્મચારી નાનજીભાઈ ચાવડા અને તેના પરિવારના ૬ સભ્યો વિરૂધ્ધ કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

**નિવૃત પોલીસ કર્મીના પુત્ર વિરૂધ્ધ ફરજમાં રૂકાવટનો ગુનો નોંધાયો**

નિવૃત પોલીસ કર્મીના પુત્ર કરણ નાનજીભાઈ ચાવડા વગેરે હીનાબેન અને કિરણબેન સાથે મારામારી કરી ઝઘડો કરતો હોય તેથી તેને રોકવા એમઓબી શાખાના મહિલા પીએસઆઈ કે.જી. જલવાણી સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. પરંતુ કારણ ચાવડાએ પીએસઆઈ જલવાણીને આંખમાં મુક્કો મારી અને પેટ તેમજ વાઈટલ પાર્ટસમાં પાટુ મારી અને પોલીસ સ્ટાફની ફરજમાં રૂકાવટ કરી ગાળો કાઢી હોવાની ફરિયાદ પીએસઆઈ જલવાણીએ નોંધાવતા તાલુકા પોલીસે કરણ ચાવડા વિરૂધ્ધ ફરજમાં રૂકાવટનો અલગ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ૨૦,૦૦૦ ફટાકડામાંથી બનાવેલા રાવણનું દિપાંજલીમાં દહન કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫



શહેરમાં એકમાત્ર દિપાંજલી-૨માં રાવણનું દહન કરાય છે. રાવણના પુતળાને બનાવવા માટે છેલ્લા ૩ દિવસથી કારીગરો કામ કરી રહ્યા હતા. ૨૦,૦૦૦થી વધુના ફટાકડા રાવણના પુતળામાં લગાવાયા હતા.

આ અંગે દિપાંજલી-૨માં ઓમકારેશ્વર મંદિરના પટાંગણમાં આનંદદિપ નામે પ્રાચિન ગરબી મંડળનું સંચાલન કરતા પ્રમુખ કાનભાઈ ગોજીયાએ જણાવ્યું હતું કે અહિં વર્ષોથી પ્રાચિન ગરબી થાય છે. સાથે સમગ્ર જૂનાગઢમાં એકમાત્ર દિપાંજલી-૨ માં ઓમકારેશ્વર મંદિરના પ્રાંગણમાં છેલ્લા ૨૫ વર્ષથી દશેરાના દિવસે રાવણ દહનનો કાર્યક્રમ કરાય છે. જોકે, વચ્ચે કોરોના મહામારીને કારણે રાવણ દહન કરવાનું બંધ કર્યું હતું. ગત વર્ષે પણ રાવણ દહન કરાયું ન હતું, પરંતુ આ વર્ષથી ફરીથી શરૂ કરાયું છે. અહિં કારીગરો ૩ દિવસથી મહેનત કરી રહ્યા છે. ૨૫ ફૂટનો રાવણ બનાવ્યો છે જેમાં ૨૦,૦૦૦થી વધુના ફટાકડા લગાવાયા છે. એસપી હર્ષદ મહેતાએ ઈલેકટ્રિક સ્વિચ દબાવી રાવણ દહન કર્યું હતું.આ તકે ૧૦,૦૦૦થી વધુ લોકોની ઉપસ્થિતી રહી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ભાવેશ સોલંકી, દેવાત કછોટ, રાકેશ ગઢવી, શિવમ ગઢવી, લક્ષ્મણ સોલંકી, ભાવિન પરમાર, ડો. જી.કે. કાતરીયા વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

રામાયણમાં આવે છે કે, રામે રાવણની નાભીમાં બાણ માર્યું હતું. બાદમાં રાવણ મોક્ષને પામ્યો હતો. ત્યારે રાવણ દહન પહેલાની યુધ્ધની સ્થિતીનું સચોટ વર્ણન કરી રામાયણની રિયલ ઘટનાની દર્શનકોને અનુભૂતી કરાવાઈ હતી.

# જૂનાગઢ સિવીલ હોસ્પિટલના સરકારી કવાર્ટરમાં તસ્કરોનો હાથફેરો : રૂા.૪.૪૦ લાખની માલમતાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ નવી સિવીલ હોસ્પિટલના કવાર્ટસના મકાનમાંથી તસ્કરોએ હાથફેરો કરી અને રૂા.૪.૪૦ લાખની ચોરી કરી ગયાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.

આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર જગદિશકુમાર કનકરાય વૈષ્ણવ જાતે રામાનંદી સાધુ(ઉ.વ.૪૮) (ધંધો નોકરી, રહે. નવી સિવીલ હોસ્પિટલ, જીએમઈઆરએસ મેડિકલ કોલેજ નર્સિંગ સ્ટાફ કવાર્ટર, બ્લોક નંબર-૧૦૨)એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદીના બંધ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી કબાટમાં રાખેલ સોના-ચાંદીના દાગીના જેની કિંમત રૂા.૪,૨૩,૦૦૦ તથા રોકડ રૂા.૧૭,૦૦૦ મળી કુલ રૂા.૪,૪૦,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ જિલ્લાના ૮ તાલુકા વિકાસ અધિકારીની બદલી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જિલ્લાના માંગરોળના તાલુકા વિકાસ અધિકારી અલ્પેશકુમાર ભૂપેન્દ્રભાઈ જોશીની કુકાવાવ ખાતે, કેશોદના ઋષિકુમાર એમ. ત્રિવેદીની ગીર ગઢડા, મેંદરડાના રજની રઘુભાઈ હુમરની તાલાલા, વિસાવદરના ભાયાભાઈ બાલાભાઈ નંદાણીયાની માણાવદર ખાતે, માળીયાના હરેશકુમાર નાથાલાલ ચૌધરીની મહેસાણા, જૂનાગઢ જિ.પં.કચેરીના ચીટનીશ કમ તાલુકા વિકાસ અધિકારી ચંદ્રકાન્તસિંહ રણછોડભાઈ પઢીયારની ઉમરગામ, જુનાગઢ શશીકુંજ ખાતેના આચાર્ય ગૌતમકુમાર પ્રભુલાલ ભીમાણીની પડધરી ખાતે અને ભેસાણ ખાતેના તાલુકા વિકાસ અધિકારી વાય. એચ. જ ભાવસારની સાંતલપુર ખાતે બદલી કરવામાં આવી છે. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજ્યના ૧૬૪ ટીડીઓ બદલી કરાઈ છે. તેમાં જૂનાગઢના ૮ અને ગીર સોમનાથના ૪નો સમાવેશ થાય છે. ગીર ગઢડાના ટીડીઓ ભાવેશકુમાર રમેશભાઈ પટેલની બોરસદ ખાતે, સુત્રાપાડાના એમ.આઈ પરમારની ભરૂચના આમોદ ખાતે, ઉનાના ભુપેન્દ્ર રમણીકલાલ બગથરીયાની કોડીનાર ખાતે તથા કોડીનારના વાય. એમ. રાવલની મોરબીના ટંકારા ખાતે ટ્રાન્સફર કરવામાં આવી છે.

# માંગરોળ નગરપાલિકાના આઉટસોર્સિંગ સફાઈ કર્મચારીના પ્રશ્નો ઉકેલવા માંગ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૫

માંગરોળ ન.પા.ના આઉટસોર્સિંગ સફાઈ કામદારોના ત્રણેક માસના ચઢત વેતન ઉપરાંત પ્રોવિડન્ડ ફંડ, રોજમદાર તરીકે ભરતી, લઘુતમ વેતન સહિતની માંગણીઓનું નિરાકરણ નહીં આવે તો વાલ્મિકી ઋષિ સેવા સમાજે ઉપવાસ આંદોલનની ચિમકી ઉચ્ચારી છે. શહેરમાં છેલ્લા લાંબા સમયથી કથળેલી સફાઈ વ્યવસ્થા અંગે લોકોમાં અનેક ફરીયાદો ઉઠી છે. સફાઈ માટે નિયત કરાયેલી એજન્સીને દર માસે ચુકવણું કરવામાં ન.પા.ની નિષ્ફળતાને લીધે એજન્સી દ્વારા પગાર ચુકવણીમાં થતા અખાડાથી સફાઈકર્મીઓ અવારનવાર કામગીરીથી અળગા રહે છે. પરિણામે જાહેર માર્ગો, સોસાયટીઓ, શેરીઓમાં દિવસો સુધી ખદબદતા ઉકરડા, ગંદકીના ગંજના દ્રશ્યો જોવા મળે છે. ડોર ટુ ડોર કચરાના કલેક્શનની કામગીરી પણ ઠપ્પ થઈ જવા પામે છે. ચોતરફ ફેલાયેલી ગંદકીથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠે છે. લોકોની રજુઆતો જાણે ધ્યાને જ ન લેવાતી હોય, સફાઈ અને જાહેર આરોગ્યના મામલે એજન્સી અને ન.પા. બન્ને સદંતર નિષ્ફળ નિવડતા હોવાનું ચિત્ર ઉપસે છે. દરમ્યાન ગત માસે કેશોદની એજન્સીને સફાઈની કામગીરી સોંપાઈ છે. ત્યારે આઉટસોર્સિંગ સફાઈ કામદારોએ ચઢત પગાર સહિતની માંગણીઓ ફરી દોહરાવી છે. સફાઈ કામદારોને અન્યાય અને શોષણ થતું હોવાનું જણાવી ચિફ ઓફીસરને રજૂઆત કરી છે કે કોન્ટ્રાક્ટ બેઝ ઉપર કામ કરતા સફાઈ કર્મીઓના ત્રણ માસના પગાર બાકી છે, ચોથો માસ ચાલુ છે. તેનો તાત્કાલિક પગાર ચૂકવવામાં આવે. આ ઉપરાંત કોન્ટ્રાક્ટ પ્રથા બંધ કરી સફાઈ કામદારોની કાયદેસર ભરતી કરી ફિકસ પગારથી અથવા રોજમદાર તરીકે ભરતી કરવામાં આવે. સફાઈ કામદારોનું ૧૫-૨૦ વર્ષનું પી.એફ. કોન્ટ્રાકટર પાસેથી વસુલી કામદારોના પીએફ ખાતામાં જમા કરવા તેમજ લઘુતમ વેતન ધારા મુજબ વેતન ચુકવવા અને શ્રમ કાયદા મુજબ મળવાપાત્ર લાભો આપવા માંગ કરી છે. આ માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો આઠ દિવસ બાદ કચેરી સામે પ્રતિક ઉપવાસ આંદોલન પર ઉતરવાની ચિમકી આપી છે.

# રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણી તથા અનંત અંબાણીએ દ્વારકાધીશને શીશ ઝુકાવ્યું





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૫

વિજયા દશમીના પાવન અવસરે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માલીક મુકેશ અંબાણી તથા તેમના પુત્ર અનંત અંબાણીએ દ્વારકા પધારી દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને શીશ ઝુકાવી ખુબજ ધન્યતા અનુભવી હતી. અંબાણી પિતા-પુત્ર દ્વારકાધીશના મોટાભાઈ બલદેવજીના પણ દર્શન કર્યા હતા. બાદમાં શારદામઠ ખાતે આદિ શંકરાચાર્યજીની પ્રતિમાને નમન કર્યા હતા જયાં તેમને શંકરાચાર્યના શિષ્ય અને રાણીવાસના પૂજારી આનંદભાઈ ઉપાધ્યાય દ્વારા દ્વારકાધીશનું ઉપરણું ઓઢાડી સન્માનિત કરાયા હતા.

**પ્રસિધ્ધ કથાકાર રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી) સાથે મુકેશ અંબાણીની મુલાકાત**

દર વર્ષે દશેરાના પાવનપર્વે પ્રસિધ્ધ ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી) દ્વારા દ્વારકાધીશના જગતમંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવે છે. ત્યારે આજે વિજયા દસમીના દ્વારકાધીશના જગતમંદિરમાં ધ્વજારોહણ પ્રસંગે ઉપસ્થિત રહેલા પૂ.ભાઈશ્રી સાથે મુકેશભાઈ અંબાણી તથા અનંત અંબાણીએ વાર્તાલાપ કરેલા.

# ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે દશેરા નિમિતે પોલીસવડાએ શસ્ત્ર પુજન કર્યુ



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૫

દશેરા પર્વ પર શસ્ત્ર પુજનની વિશષ મહિમા અને પરંપરા હોય ત્યારે આજના દિવસે અંધકાર પર અજવાળાનો વિજય, અસત્ય પર સત્યનો વિજય અને આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજય થયેલ જે અનુસંધાને ગીર સોમનાથ પોલીસ અધિક્ષક કચેરી ઈણાજ ખાતે વિજયા દશમી પર્વ નિમિતે જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ જીલ્લાના પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ સાથે શસ્ત્ર પુજન કરીને વિશ્રવ કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી તેમજ આજના દિવસે રાજ્ય અથવા દેશના રક્ષણ માટે લડવાના તમામ હથિયારોને એકત્રિત કરી હથિયારોનું પુજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં જિલ્લાના મુખ્ય પોલીસ અધિકારીઓ ઉપરાંત LCB - SOG નો સ્ટાફ હાજર રહ્યો હતો.

# દ્વારકા પોલીસ સ્ટેશનમાં દશેરા નિમિત્તે વિભાગીય પોલીસ વડા રાધવ જૈનની ઉપસ્થિતિમાં શસ્ત્રપૂજન યોજાયું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૫



દશેરા નિમિત્તે દ્વારકા પોલીસ સ્ટેશન ખાતે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું દ્વારકા પોલીસ સ્ટેશન ખાતે સવારે હથિયાર પૂજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે વિભાગીય પોલીસ વડા રાધવ જૈન,દ્વારકા પી.આઈ.પટેલ પી.એસ.આઈ બારસીયા સહિતના અધિકારીગણ અને પોલીસકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા

# વેરાવળમાં વેપારીના મકાનને નિશાન બનાવી ૮ તોલા સોનુ અને રોકડ ચોરી કરનાર બે પૈકી એક તસ્કર ઝડપાયો, બીજાની શોધખોળ ચાલુ



## આવી રીતે ચોરી કરતા...

આ બંન્ને તસ્કર આરોપીઓ મહિલાઓ પાસેથી વાળ લેવા માટે શેરી અને સોસાયટીઓમાં ફરીને બંધ મકાન અંગે રેકી કરતા હતા. બાદમાં દિવસ દરમ્યાન જ બંધ મકાનને નિશાન બનાવવા બંન્ને પહોંચી જઈ એક મકાનમાં અંદર પ્રવેશી ચોરી કરતો જયારે બીજો બહાર રહી ધ્યાન રાખતો હતો. આવી રીતે બંન્ને ઘરફોડીની ઘટનાઓને અંજામ આપતા હોવાનું એલસીબી પીઆઈ એસ.એમ.શરાણીએ જણાવેલ છે.

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૫

વેરાવળમાં વેપારીના ઘરને નિશાન બનાવી સોનુ તથા રોકડની ચોરી કરનાર એક કુખ્યાત તસ્કર આરોપીને એલસીબીએ ૯ તોલા સોનાના ઢાળીયા સાથે ઝડપી લીધેલ છે. જયારે આ ચોરીમાં આરોપીનો સાથ આપનાર બીજો તસ્કર ફરાર હોય તેની શોધખોળ પોલીસે હાથ ધરી છે. આ બંન્ને આરોપીઓ વાળ લેવાના બહાને શેરીઓમાં ફરીને રેકી કરી ઘરફોડીને અંજામ આપતા તેમજ બંન્નેએ રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ઘરફોડીની ઘટનાને અગાઉ અંજામ આપ્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે.

આ મામલે માહિતી આપતા ડીવાયએસપી ખેંગારએ જણાવેલ કે, વેરાવળની બજરંગ સોસાયટીમાં રહેતા વેપારી અર્પીત પારેખ પરીવાર સાથે તા.૮ ઓકટો.ના રોજ ઘર બંધ કરી બહાર ગયેલ હતા. બાદમાં બપોરે ઘરકામ અર્થે આવેલા કામવાળા બહેનએ ઘરના તાળા તુટેલ હોવાની જાણ કરતા વેપારી પરત આવી ઘરે તપાસ કરતા ૮ તોલાના સોનાના દાગીના અને રૂ.૧૭ હજાર રોકડની ચોરી થયાની ફરીયાદ પોલીસમાં નોંધાવી હતી.

જેના આધારે એલસીબીના પીએસઆઈ વી.કે.ઝાલાએ સ્ટાફ સાથે નેત્રમ તથા ખાનગી સીસીટીવી ફુટેજોની તપાસ હાથ ધરેલ જેમાં જાણકારી મળી હતી. જેને લઈ હ્યુમન સોર્સના આધારે ગઈકાલે અત્રેની સોની બજારમાંથી દેવીપુજક જયંતી ધીરૂ સરવૈયા (ઉ.વ.૨૩) તા.વરતેજ-ભાવનગર વાળાને ૯ તોલા સોનાના ઢાળીયા કી.રૂ.૫.૧૦ લાખ સાથે ઝડપી લીધેલ હતો. આ ચોરીમાં આરીપી સાથે તેનો સગો ભાઈ વિનોદ ઉર્ફે ઈગુ ધીરૂ સરવૈયા હોય જે હાલ ફરાર હોવાથી તેની શોધખોળ હાથ ધરી છે.

આરોપી જયંતી અને વિનોદ ઉર્ફે ઈગુ બંન્ને ભાઈઓ સાતીર તસ્કરો છે. તેઓએ વેરાવળ ઉપરાંત વીસ દિવસ પહેલા રાજકોટના બી ડીવીઝન વિસ્તારમાં ઘરફોડીને અંજામ આપીને રૂ.૩.૫૦ લાખ રોકડ અને ૧૦ ગ્રામ સોનાની ચોરી કરેલ તેમજ એક વર્ષ પૂર્વે સુરેન્દ્રનગર ના વઢવાણમાંથી રૂ.૬૧ લાખની રોકડની ચોરીને ઘટનાને અંજામ આપ્યો હતો.

# જૂનાગઢના 'SP' હર્ષદ મહેતા દ્વારા પોલીસ પરિવાર માટે વન ડે રાસોત્સવ યોજાયો

## એક તરફ નવરાત્રી મહોત્સવમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી માટે કડક બંદોબસ્ત વચ્ચે પણ તહેવારોનો આનંદ : પોલીસ પરિવાર પણ માણી શકે તે માટે રાસોત્સવના કાર્યક્રમની ભારે સરાહના










તસ્વીર : હરેશ સોની









(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં નવરાત્રી મહોત્સવની શાંતિપુર્ણ માહોલમાં ઉજવણી સંપન્ન બની છે અને આ સાથે જ ગઈકાલે વિજયાદશમી(દશેરા)ની પણ ભાવપુર્વક ઉજવણી લોકો દ્વારા કરવામાં આવી હતી. નવરાત્રી દરમ્યાન કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવ બને નહી અને આમ જનતા શાંતિથી તહેવારોની મજા માણી શકે તેવું આયોજન જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું અને ચુસ્તબંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. નવરાત્રીની શાંતિપુર્ણ ઉજવણી થઈ છે. ત્યારે પ્રજાની સલામતી માટેની કામગીરીમાં જૂનાગઢ શહેર અને જીલ્લા પોલીસ તંત્ર સુંદર કામગીરી કરવામાં આવી છે. ત્યારે આમ જનતાની સાથે સાથે પોલીસ પરિવાર પણ નવરાત્રીની ઉજવણીમાં સહભાગી બને તેવા શુભ હેતુ સાથે એસપી હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ગઈકાલે પોલીસ પરિવાર માટે વન ડે રાસોત્સવનું નિલકંઠ ફાર્મ ખાતે સુંદર મજાનું આયોજન કરવામાં આવેલ હતું. આ વન ડે રાસોત્સવમાં જૂનાગઢ શહેર પોલીસ તંત્રના ઉચ્ચ પોલીસ અધિકારીઓ કર્મચારીઓ પણ સહભાગી બન્યા હતા અને ગઈકાલે નિલકંઠ ફાર્મ ખાતે યોજાયેલા વન ડે રાસોત્સવમાં ખુદ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા તેમજ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને તેમની ટીમ પણ નવરાત્રીની ઉમંગભેર, આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી અને માં અંબાની આરાધના સાથે રાસોત્સવનો મન મુકીને આનંદ માણ્યો હતો અને માતાજીના દુહા, રાસ, છંદ, ગરબાના તાલે મન મુકીને જુમ્યા હતા. ગઈકાલે પોલીસ પરિવાર માટે વન ડે રાસોત્સવના ભવ્ય આયોજનના કાર્યક્રમાં આમંત્રણને માન આપી શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણી, આગેવાનો, મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પોલીસ કામગીરીને નિષ્પક્ષ રીતે કાયમને માટે સારૂ કવરેજ આપી અને પોલીસ કામગીરીને બિરદાવાની કામગીરી કરનારા પ્રિન્ટ અને ઈલેકટ્રીકસ મિડીયાના પત્રકાર મિત્રોનું ભાવભર્યું આમંત્રણ આપવામાં આવેલ હોય પ્રિન્ટ અને ઈલેકટ્રોનિકસ મિડીયાના પત્રકાર મિત્રોએ ખાસ ઉપસ્થિત રહી અને આ ભવ્ય રાસોત્સવને નિહાળ્યો હતો અને તેનું યથોચીત કવરેજ પણ કર્યુ છે.

તહેવારોના દિવસોમાં કે અનિવાર્ય સંજોગોમાં પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાય રહે અને લોકોની સલામતી અને સુરક્ષા માટે પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. એટલું જ નહી જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા આગવી સુજ, આગવા અંદાજ સાથે પોલીસ પ્રજાનો મિત્ર છે તે સુત્રને ચરીતાર્થ કરતી કામગીરી તેમના માર્ગદર્શન હેઠળ શહેર અને જીલ્લા પોલીસ તંત્ર કરવામાં આવી રહી છે. આ સાથે જ જીલ્લા પોલીસવડા હર્ષદ મહેતા નવરાત્રીના આ દિવસોમાં તેના જ પોલીસ તંત્રના બધા જ અધિકારી કર્મચારીઓ પણ નવરાત્રી પર્વ પ્રસંગે રાસોત્સવનો આનંદ માણી શકે તે માટેનું એક પ્લેટફોર્મ તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ અને ગઈકાલે નિલકંઠ ફાર્મ ખાતે યોજાયેલા રાસ-ગરબા મહોત્સવે આ આયોજનને તમામ પોલીસ કર્મચારીઓએ સફળ રીતે સંપન્ન કરેલ છે. જૂનાગઢ ખાતે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા પોલીસ પરિવારોની લાગણીને ધ્યાને રાખી અને વન ડે રાસોત્સવનો કાર્યક્રમ સફળ રીતે આયોજન કરેલ છે અને સમગ્ર પોલીસ પરિવારજનોની લાગણી જીતી છે. ત્યારે આ શુભ સંદેશ અને મેસેજ સર્વત્ર પ્રસરી ગયો છે. જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા સફળ રીતે સંપન્ન કરેલ વન ડે રાસોત્સવના આ કાર્યક્રમ બદલ સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર દ્વારા પણ તેઓને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવે છે.


ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ભગંદર, હરસ–મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ–શુક્ર–શનિવાર
રાજકોટ : મંગળ–બુધ–ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
Aum Ayurved Hospital
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
e_mail : aum.ayurved.hospital@gmail.com

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો
ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
નવરાત્રી માટે ખાસ..
નવરાત્રી માટે ખાસ..
ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ